RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 150 Dt. 23-12-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### ન્યુઝીલેન્ડમાં ૧૦૦% ભારતીય નિકાસ કસ્ટમ ડ્યુટીમાંથી મુક્ત

# ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચે મુક્ત વેપાર કરાર

## કરારમાં માલ, સેવાઓ, રોકાણ, કૃષિ અને કામદારોની હિલચાલ સહિત વિવિધ ક્ષેત્રોનો સમાવેશ

નવીદિલ્હી, તા. ૨૨

ભારત અને ન્યુઝીલેન્ડે માત્ર નવ મહિનાની વાટાઘાટો પછી ઐતિહાસિક મુક્ત વેપાર કરાર (FTA) પર મહોર મારી છે. આ સોદો બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધોમાં એક મોટું પગલું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના ન્યુઝીલેન્ડ સમકક્ષ ક્રિસ્ટોફર લક્સન વચ્ચેની વાતચીત બાદ આ કરારની જાહેરાત કરવામાં આવી હતી. ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પિયુષ ગોયલે તેને ભારતની લાંબા ગાળાની વિકાસ યોજનાઓ સાથે સુસંગત એક મહત્વપૂર્ણ સિદ્ધિ ગણાવી હતી. આ કરારમાં માલ, સેવાઓ, રોકાણ, કૃષિ અને કામદારોની હિલચાલ સહિત વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. તે ભારતના સંવેદનશીલ સ્થાનિક ઉદ્યોગોનું પણ રક્ષણ કરે છે. વાણિજ્ય પ્રધાને કરારના પાંચ મુખ્ય સ્તંભોની રૂપરેખા આપી હતી.

ભારતીય નિકાસકારોને ન્યુઝીલેન્ડમાં શૂન્ય-ડ્યુટી ઍક્સેસ મળશે. એકવાર કરાર અમલમાં આવ્યા પછી, ન્યુઝીલેન્ડમાં ૧૦૦% ભારતીય નિકાસ કસ્ટમ ડ્યુટીમાંથી મુક્તિ મળશે. આનાથી કાપડ, વસ્ત્રો, ચામડું અને ફૂટવેર જેવા શ્રમ-સઘન ક્ષેત્રોને નોંધપાત્ર રીતે ફાયદો થવાની અપેક્ષા છે. વધુમાં, એન્જિનિયરિંગ, ઉત્પાદન, ઓટોમોબાઇલ્સ, ઇલેક્ટ્રોનિક્સ, મશીનરી, ફાર્માસ્યુટિકલ્સ અને રસાયણો જેવા ક્ષેત્રોને પણ ફાયદો થશે. આ કરાર ખેડૂતો, નાના અને મધ્યમ ઉદ્યોગો (MSME), કારીગરો, મહિલાઓ દ્વારા સંચાલિત વ્યવસાયો અને યુવાનો માટે રોજગારને વેગ આપશે. બીજું, ન્યુઝીલેન્ડ ભારતમાં ૨૦ બિલિયનનું રોકાણ કરશે. આ FTA માં એક મોટો રોકાણ પ્રસ્તાવ શામેલ છે. આ કરાર હેઠળ, ન્યુઝીલેન્ડ આગામી ૧૫ વર્ષમાં ભારતમાં ૨૦ બિલિયનનું વિદેશી પ્રત્યક્ષ રોકાણ (FDI) ની સુવિધા આપશે. આ રોકાણ ઉત્પાદન, માળખાગત સુવિધાઓ, સેવાઓ, નવીનતા અને રોજગાર સર્જન પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ ભારતના ઔદ્યોગિક અને આર્થિક વિસ્તરણ લક્ષ્યોને મજબૂત બનાવશે.

ભારતીય કૃષિને નવી તકો મળશે. આ કરાર ભારતીય કૃષિ ઉત્પાદનો જેમ કે ફળો, શાકભાજી, અનાજ, મસાલા, કોફી અને પ્રોસેસ્ડ ફૂડ ઉત્પાદનો માટે ન્યુઝીલેન્ડના બજારો સુધી પહોંચવાનો માર્ગ ખોલશે. કૃષિ ઉત્પાદકતા ભાગીદારી, શ્રેષ્ઠતા કેન્દ્રો અને ન્યુઝીલેન્ડની અદ્યતન કૃષિ તકનીકોની પહોંચ દ્વારા, કરારનો હેતુ ઉત્પાદકતા, ગુણવત્તા અને ખેડૂતોની આવક વધારવાનો છે. મધ, કિવિફ્રૂટ અને સફરજન જેવા બાગાયતી ઉત્પાદનો માટે પણ ખાસ પહેલ કરવામાં આવી છે. ચોથું, સંવેદનશીલ વિસ્તારો માટે મજબૂત સુરક્ષા પગલાં લેવામાં આવ્યા છે. સ્થાનિક સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને, ભારતે ડેરી, ખાંડ, ખાદ્ય તેલ, કોફી, મસાલા, કિંમતી ધાતુઓ, કોપર કેથોડ અને રબર આધારિત ઉત્પાદનો જેવા કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોનું સંપૂર્ણ રક્ષણ કર્યું છે. આ રક્ષણ ખાતરી કરે છે કે ખેડૂતો, MSME અને સ્થાનિક ઉદ્યોગો આયાતમાં અચાનક વધારા અને બજારની અસ્થિરતાથી સુરક્ષિત રહે.



### ૫,૦૦૦ વર્ક વિઝા

પાંચમું, સેવાઓ, વિઝા અને ગતિશીલતા કરારના મૂળમાં છે. સેવાઓ આ કરારનો મુખ્ય આધારસ્તંભ છે. ભારતે ઈંઝ અને ઈંઝ-સક્ષમ સેવાઓ (ITeS), નાણાં, શિક્ષણ, પર્યટન અને બાંધકામ સહિત ૧૧૮ સેવા શ્રેણીઓમાં પ્રવેશ મેળવ્યો છે. ન્યુઝીલેન્ડે આરોગ્ય, પરંપરાગત દવા, વિદ્યાર્થી ગતિશીલતા અને સંશોધન પછી કામ માટે તેના પ્રથમ જોડાણો રજૂ કર્યા છે. કરાર કુશળ ભારતીય વ્યાવસાયિકો માટે ૫,૦૦૦ કામચલાઉ વર્ક વિઝા પ્રદાન કરે છે. વધુમાં, વર્કિંગ હોલિડે વિઝા અને અભ્યાસ પછી રોજગારની તકોનો વિસ્તાર કરવામાં આવ્યો છે, જે ભારતીય પ્રતિભા માટે વૈશ્વિક તકો ખોલે છે. આ કરાર બંને દેશો વચ્ચે આર્થિક સહયોગને નવી ઊંચાઈએ લઈ જશે. તે ભારતીય નિકાસકારો માટે નવા બજારો ખોલશે અને ન્યુઝીલેન્ડથી રોકાણ આકર્ષશે. તેનાથી ભારતીય ખેડૂતો અને સેવા પ્રદાતાઓને પણ ફાયદો થશે. તે ભારતના ''આત્મનિર્ભર ભારત'' અને ''મેક ઇન ઇન્ડિયા'' પહેલને પણ મજબૂત બનાવશે.

### યુવા નેતા શરીફ ઉસ્માન હાદીની હત્યાના થોડા દિવસો પછી જ બીજી ઘટનાઃ બાંગ્લાદેશમાં સ્થિતિ વણસી

# બાંગ્લાદેશના નેતા મોતલેબ શિકદરની ગોળી મારી હત્યા

નવીદિલ્હી, તા. ૨૨

સોમવારે, અજાણ્યા બંદૂકધારીઓએ બાંગ્લાદેશના ૨૦૦૪ના હિંસક વિદ્યાર્થી-નેતૃત્વ બળવાના અન્ય નેતા મોતલેબ શિકદરના માથામાં ગોળી મારી દીધી હતી. આ હુમલો દક્ષિણ-પશ્ચિમ શહેર ખુલનામાં થયો હતો, જે અગ્રણી યુવા નેતા શરીફ ઉસ્માન હાદીની હત્યાના થોડા દિવસો પછી થયો હતો. જુલાઈમાં શેખ હસીના સરકારને ઉથલાવી પાડનારા બળવાનું નેતૃત્વ કરનાર રાષ્ટ્રીય નાગરિક પાર્ટી (NCP) ની મજૂર પાંખ, રાષ્ટ્રીય શ્રમિક શક્તિના નેતા મોતલેબ શિકદરને ખુલના શહેરમાં ધોળા દિવસે ગોળી મારી દેવામાં આવી હતી, જે હાદી પર થયેલા હુમલા જેવો જ હુમલો હતો. બપોર પહેલા સોનાડાંગા વિસ્તારમાં અજાણ્યા બંદૂકધારીઓ દ્વારા શ્રી શિકદરને ગોળી મારી દેવામાં આવી હતી અને તેમને ગંભીર હાલતમાં ખુલના મેડિકલ કોલેજ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, ગોળી શ્રી શિકદરના માથામાં વાગી હતી, જેના કારણે તેમને જીવલેણ ઈજાઓ થવા પામી ન હતી. લોહી વહેવા છતાં, શ્રી શિકદર આ હુમલામાં બચી ગયા હતા અને તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે, જ્યાં તેમની હાલત સ્થિર અને ખતરાની બહાર હોવાનું જાણવા મળે છે. પીડિત પાસેથી મળેલી પ્રારંભિક માહિતી દર્શાવે છે કે મોટરસાઇકલ પર આવેલા હુમલાખોરોએ તેમને ગોળી મારી હતી અને ભાગી ગયા હતા. જોકે, પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ ઘટના એક ઘરની અંદર બની હતી.

સોનાડાંગા મોડેલ પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર અનિમેષ મંડલે જણાવ્યું હતું કે ગોળીબાર બપોર પહેલા થયો હતો અને તેમને ''તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા'', તેમણે ઉમેર્યું હતું કે ગુનાના સ્થળે અને હોસ્પિટલ બંને જગ્યાએ પોલીસ તૈનાત કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે પ્રારંભિક તપાસ પછી વધુ વિગતો જાહેર કરવામાં આવશે. ગોળીબાર એવા સમયે થયો છે જ્યારે હાદીની હત્યા બાદ વચગાળાની સરકાર પર દબાણ વધી રહ્યું છે. હાદી ઈન્કલાબ મંચના કન્વીનર અને પ્રવક્તા હતા અને જુલાઈના બળવામાં એક અગ્રણી વ્યક્તિ હતા. સોમવારે અગાઉ, હાદી દ્વારા સહ-સ્થાપિત સામાજિક-સાંસ્કૃતિક સંગઠન ઈન્કલાબ મંચે ગૃહ બાબતોના સલાહકાર લેફ્ટનન્ટ-જનરલ (નિવૃત્ત) મોહમ્મદ જહાંગીર આલમ ચૌધરી, તેમના ખાસ સહાયક અને કાનૂની સલાહકારના તાત્કાલિક રાજીનામાની માંગણીનો પુનરોચ્ચાર કર્યો હતો, અને તેમને હાદીની હત્યા અને ત્યારબાદ થયેલી હિંસાને રોકવામાં નિષ્ફળતા માટે જવાબદાર ઠેરવ્યા હતા.

# બુલંદશહેર ગેંગરેપમાં 5ને આજીવન કેદ

## આરોપીને ૧.૮૧ લાખનો દંડ : નવ વર્ષ પૂર્વે હાઈવે પર માતા-પુત્રી સાથે કર્યું' તું દુષ્કર્મ



નવીદિલ્હી, તા. ૨૨

ઉત્તર પ્રદેશના બુલંદશહેરમાં ખૂબ જ ચર્ચિત હાઈવે ગેંગ રેપ કેસમાં કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. મુખ્ય પોક્સો કોર્ટે માતા અને તેની સગીર પુત્રી પર ગેંગરેપ કરવાના આરોપમાં પાંચ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી છે. દરેક આરોપીને ₹૧૮૧,૦૦૦ નો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. મુખ્ય પોક્સો કોર્ટના ત્રીજા વધારાના જિલ્લા અને સત્ર ન્યાયાધીશ ઓમ પ્રકાશે આ ચુકાદો આપ્યો. સહાયક જિલ્લા સરકારી વકીલ વરુણ કૌશિકે જણાવ્યું હતું કે કુલ દંડની રકમ બંને બળાત્કાર પીડિતોને સમાન રીતે વહેંચવામાં આવશે. કોર્ટે તેને એક જઘન્ય ગુનો ગણાવ્યો અને કડક સજાની માંગ કરી. ચુકાદા બાદ, આરોપીના વકીલ શિવચરણ માહુરે કોર્ટના નિર્ણયથી નિરાશા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે તેઓ હાઈકોર્ટની અપીલમાં અપીલ કરશે. બચાવ પક્ષે ઓળખ, ડીએનએ પુરાવા અને એફઆઈઆર પર પણ પ્રશ્ન ઉઠાવ્યો, અને સમગ્ર કેસને બનાવટી ગણાવ્યો.

આ મામલો ૨૯ જુલાઈ, ૨૦૧૬ ના રોજ પ્રકાશમાં આવ્યો હતો, જ્યારે બુલંદશહેરમાં નેશનલ હાઈવે ૯૧ પર એક માતા અને તેની સગીર પુત્રી પર ગેંગરેપ કરવામાં આવ્યો હતો. સશસ્ત્ર આરોપીઓએ હાઈવે પર એક કાર રોકી, તેમને બંધક બનાવ્યા અને ગુનો કરવા માટે જંગલમાં લઈ ગયા. પીડિતાનો પરિવાર દિલ્હીથી નોઈડા થઈને શાહજહાંપુર જઈ રહ્યો હતો. દેહત કોતવાલી વિસ્તારમાં દોસ્તપુર ગામ નજીક, આરોપીઓએ કારની આગળ ભારે ધાતુનો પદાર્થ ફેંકી દીધો. જ્યારે પરિવાર ઉતર્યો, ત્યારે તેમને બંદૂકની અણીએ પકડીને જંગલમાં ખેંચી લેવામાં આવ્યા.

આખા પરિવારને હાઈવેની બાજુમાં બંધક બનાવવામાં આવ્યો હતો અને માતા અને સગીર પુત્રી પર સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો હતો. પરિવારના સભ્યો લાચારીથી જોતા રહ્યા. તપાસમાં જાણવા મળ્યું કે તે દિવસે સગીર પીડિતાને પહેલી વાર માસિક આવ્યું હતું, જેનાથી તેની હાલત વધુ ખરાબ થઈ ગઈ. આ ઘટનાએ ઉત્તર પ્રદેશમાં કાયદો અને વ્યવસ્થા સામે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા. પેટ્રોલિંગ ફરજ પરના પોલીસ કર્મચારીઓ, સ્ટેશન ઇન્ચાર્જ અને એરિયા ઇન્ચાર્જને બેદરકારી બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. વધુમાં, તત્કાલીન જીજી, જીજી સિટી અને ઈઘ સિટી સામે કાર્યવાહી કરવામાં આવી હતી.




# શહેર-જિલ્લા ભાજપ સંગઠન નવરચનાની 'વાટ'

## રાજકોટ માટે તારીખ હજી સુધી નક્કી નથી : શહેર પ્રમુખ સહિતના આગેવાનોની મંડાઈ મીટ

રાજકોટ, તા. ૨૨

ગુજરાત ભાજપમાં જિલ્લા અને શહેરના સંગઠનની બાકી રહેલી નિયુક્તિઓને લઈને કવાયત તેજ કરાઈ છે. પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ બાકી રહેલી નિયુક્તિઓને લઈને કવાયત તેજ કરી છે. તબક્કાવાર જિલ્લા અને શહેરનું માળખુ તૈયાર કરવામાં આવ્યું છે. ટૂંક સમયમાં શહેર અને જિલ્લાની બાકી રહેલી નિયુક્તિઓ જાહેર કરાશે. છેલ્લા એક અઠવાડિયાથી આ નિયુક્તિઓ અંગે બેઠકો યોજાઈ રહી છે. પ્રદેશ પ્રમુખે મહામંત્રી અને જિલ્લા તથા શહેરના હોદ્દેદારો સાથે બેઠક કરી હતી. ગુજરાતમા જિલ્લા અને શહેર સંકલનમાંથી આવેલા નામો પર પ્રદેશ પ્રમુખ અને સંગઠન મહામંત્રી નિર્ણય લઈ રહ્યાં છે. જિલ્લા અને શહેરમા બાકી રહેલા માળખા અંગે પણ કવાયત તેજ કરાઈ છે. પ્રદેશ માળખામાં જ્ઞાતિ અને વિસ્તારને લગતા સમીકરણને ધ્યાન રાખીને કવાયત શરૂ કરવામાં આવી છે. આ



નિયુક્તિઓ માટે પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને સંગઠન મહામંત્રી દ્વારા જિલ્લા અને શહેરના હોદ્દેદારો સાથે તબક્કાવાર બેઠકો કરી રહ્યાં છે.

રાજકોટ શહેરની જો વાત કરવામાં આવે તો હજુ શહેર પ્રમુખને ગાંધીનગર નું તેડું આવ્યું નથી અને તારીખ પણ હજી સુધી મળી ન હોવાની માહિતી મળી છે ત્યારે તારીખ મળતાની સાથે જ પ્રમુખ સહિતના આગેવાનો ગાંધીનગર પહોંચશે જ્યાં પોતાના અભિપ્રાયો રજૂ કરશે જે બાદ પ્રદેશ કક્ષાએથી શહેર ભાજપ સંગઠનનો માળખું જાહેર કરાશે. સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ પ્રદેશ ભાજપ સંગઠનનું માળખું પણ હજુ સુધી જાહેર થયું નથી ત્યારે ૨૦૨૬ જાન્યુઆરીમાં જ આ સસ્પેન્સ ઉપરથી પડદો ઉઠાવી લેવામાં આવે તેવું જાણવા મળ્યું છે મળતી માહિતી મુજબ હાલ જરૂરી એ છે કે તાકીદે શહેર તથા જિલ્લાના સંગઠનની નવરચના થાય જેથી આગામી સમયમાં યોજનારી મહાનગરપાલિકાની ચૂંટણીમાં યોગ્ય કામગીરી થઈ શકે. છેલ્લા ઘણા સમયથી આ બાબતે ગાંધીનગર ખાતે આગેવાનોનો મેળાવડો જોવા મળી રહ્યો છે. હાલ દરેકની મિનિટ સંગઠન નવરચના પર મંડાયેલી છે ત્યારે રાજકોટનો વારો ક્યારે આવશે તે હવે જોવાનું રહ્યું હાલ શહેર ભાજપના પ્રમુખ સહિત અન્ય આગેવાનો પણ નિર્ધારિત તારીખની રાહ જોઈ રહ્યા છે જ્યારે તેઓને ગાંધીનગર ખાતે બોલાવવામાં આવે અને તેમની સાથે સંગઠન રચના અંગે ચર્ચા હાથ ધરાય.

હાલ મળતી માહિતી મુજબ એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી છે કે કમુરતા પહેલા જ સંગઠનની નવરચના હાથ ધરાઈ અને જે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે તેના ઉપર પૂર્ણવિરામ મૂકવામાં આવે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ મહાનગરપાલિકાની ચૂંટણીમાં પણ વોર્ડમાં ક્યાં ઉમેદવારોને ચૂંટણી લડવી તે પણ સૌથી મોટો પ્રશ્ન ઉભો થયો છે હાલ વાત એવી પણ સંભળાઈ રહી છે કે જે ઓડ ના ઉમેદવાર હશે તેઓને તે વોર્ડમાં જ ચૂંટણી લડવા દેવામાં આવશે એટલે કે આયાતી ઉમેદવારો ને તક ન મળે પરંતુ સત્ય હકીકત શું છે તે તો ખરા સમયે જ માલુમ પડશે કારણકે ભાજપ હર હંમેશ સસ્પેન્સ આપવામાં માનીતું છે. અને ગમે તે સમયે કોથળામાંથી બિલાડું કાઢવાની જે ફિતરત છે તે સૂચવે છે કે હાલ આ અંગે પણ કોઈ નક્કર તારણ આપી ન શકાય. પરંતુ અત્યારના રાજકોટ શહેર અને જિલ્લાના સંગઠન માટે દરેક આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

ખેતરથી બજાર સુધી, સ્વદેશીને આપીએ સ્થાન, ચાલીએ સરદારના માર્ગે, કરીએ રાષ્ટ્રનું નિર્માણના ઉદેશ સાથે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા દ્વારા

# સ્વદેશી અપનાવીને આત્મનિર્ભરતા માટે પદયાત્રા

## રાજકોટથી ખોડલધામ સુધીની પદયાત્રાને ૨૬મીએ પ્રસ્થાન કરાવશે સંતો, મહંતો અને સાંસદ રૂપાલા : ઉદ્‌ઘાટક તરીકે ખોડલધામના ચેરમેન નરેશભાઈ પટેલ અને અધ્યક્ષ તરીકે હાજર રહેશે કેબીનેટ મંત્રી મનસુખભાઈ માંડવીયા

રાજકોટ મિરર, તા.૨૨ રાજકોટથી ખોડલધામ સુધીની, દક્ષીણ રાજકોટ બેઠકના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા દ્વારા આયોજિત પદયાત્રાનું ઈજન આપવા ધારાસભ્યના પ્રતિનિધિઓ ‘‘રાજકોટ મિરર‘‘કાર્યાલયની રૂબરૂ મુલાકાતે આવ્યા હતા.

આ તકે હાજર રહેલા મનોજભાઈ ટીલાળા, અમૃતભાઈ ગઢિયા, સાગરભાઈ સોજીત્રા, દીક્ષિતભાઈ ધાંજા સહિતના આગેવાનોએ ‘‘રાજકોટ મિરર‘‘ને પદયાત્રાના આયોજનની વિસ્તૃત વિગતો આપી હતી કે, ‘સરદાર૧૫૦ સ્વદેશી પદયાત્રા ૨૦૨૫’નું આયોજન ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા દ્વારા કરવામાં આવ્યું છે. પદયાત્રા તા. ૨૬ થી ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન રાજકોટથી ખોડલધામ સુધી યોજાશે.પદયાત્રાનો મુખ્ય હેતુ એ છે કે સરદાર પટેલના વિચારો માત્ર સ્મરણ સુધી સીમિત ન રહે, પરંતુ લોકોના દૈનિક જીવનનો ભાગ બને. સરદાર પટેલ માનતા હતા કે ભારતની સાચી શક્તિ તેની એકતા, શિસ્ત, આત્મવિશ્વાસ અને સ્વદેશી વિચારધારામાં છે. આ જ વિચારને આજના સમયના સંદર્ભમાં ફરી જીવંત બનાવવાનો પ્રયાસ આ પદયાત્રા દ્વારા કરવામાં આવી રહ્યો છે.

પદયાત્રા દ્વારા ખાસ કરીને સ્વદેશી વસ્તુઓને વધુમાં વધુ અપનાવવા અંગે જનજાગૃતિ ફેલાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. સ્થાનિક ઉત્પાદનોનો ઉપયોગ, દેશી ઉદ્યોગોને પ્રોત્સાહન અને વિદેશી નિર્ભરતા ઘટાડવાની ભાવના વિકસે તે આ યાત્રાનો મુખ્ય સંદેશ છે. રમેશભાઈ ટીલાળાના જણાવ્યા મુજબ સ્વદેશી અપનાવવું માત્ર આર્થિક નિર્ણય નહીં, પરંતુ રાષ્ટ્રનિર્માણની જવાબદારી છે.

આ પદયાત્રા દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ‘સ્વદેશી અપનાવો આત્મનિર્ભર ભારત બનાવો’ના સંકલ્પને પણ લોકો સુધી પહોંચાડવામાં આવશે. આત્મનિર્ભર ભારત એટલે દેશ પોતાની જરૂરિયાતો પોતે પૂર્ણ કરે, રોજગાર સર્જન થાય અને ભારત વૈશ્વિક સ્તરે આત્મવિશ્વાસ સાથે ઉભો રહે આ ભાવનાને જનજન સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

સરદાર પટેલે ૫૬૨ રજવાડાઓનું એકીકરણ કરી ભારતને એકતાના સૂત્રમાં બાંધ્યું હતું. પદયાત્રા દ્વારા તેમની આ વિરાસતને સ્મરણમાં રાખી રાષ્ટ્રીય એકતા, સામાજિક સમરસતા, શિસ્ત અને દેશપ્રેમ અંગે જનજાગૃતિ લાવવામાં આવશે. યાત્રા દરમિયાન સરદાર પટેલના જીવનપ્રસંગો અને વિચારો લોકો સુધી પહોંચાડવામાં આવશે.

આગામી તા. ૨૬ ના રોજ સવારે ૭:૦૦ વાગ્યે સ્વામિનારાયણ ગુરુકુલ ગોંડલ રોડ, રાજકોટથી પદયાત્રાને રાજકોટ ગુરુકુળના દેવકૃષ્ણદાસજી સ્વામી, મુંજકા આશ્રમના સ્વામી પરમાત્માનંદજી, આનંદી આશ્રમ શાપર ના મસ્તરામ બાપુ, રામકૃષ્ણ આશ્રમ રાજકોટના સ્વામી નિખીલેશ્વરાનંદજી, અને પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટના સંસદ પરસોતમભાઇ રૂપાલા પ્રસ્થાન કરાવશે. આ ઉપરાંત રાજ્યના કેબિનેટ મંત્રીઓ, રાજ્યકક્ષાના મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો, ઉમિયાધામ સીદસરના ચેરમેન મૌલેશભાઇ ઉકાણી, ઉદ્યોગપતિઓ, દરેક સમાજના મંડળો, સેવાભાવી સંસ્થાના હોદેદારો, સહીત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેશે તેમજ મોટી સંખ્યામાં લોકો જોડાવાના છે.

પદયાત્રાના રૂટ પર ગામેગામ પદયાત્રીઓનું સ્વાગત કરવા ઉસ્તાહ પ્રવર્તી રહ્યો છે. પદયાત્રાનું તા. ૨૮ ના રોજ સવારે ૧૦ વાગે માં ખોડલને દિવ્ય ધ્વજારોહણ બાદ પદયાત્રાનો સમાપન સમારોહ યોજાશે. જેના અધ્યક્ષ તરીકે કેન્દ્રિય મંત્રી ડો. મનસુખભાઇ માંડવિયા ઉપસ્થિત રહેશે, તેમજ ઉદઘાટક તરીકે નરેશભાઇ પટેલ ઉપસ્થિત રહેશે. રમેશભાઈ ટીલાળા દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે સરદાર પટેલના વિચારોને જીવનમાં ઉતારી, સ્વદેશી અપનાવી અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં સૌ સહભાગી બનવા અપીલ કરવામાં આવી છે.



## સ્વર્ગીય કિશોરભાઈ ટીલાળાનું પદયાત્રાનું સ્વપન પૂર્ણ કરીશું : રમેશભાઈ ટીલાળા

આજથી એક વર્ષ વર્ષ પહેલા રમેશભાઈ ટીલાળાના મોટાભાઈ કિશોરભાઈ ટીલાળા તેમજ રમેશભાઈને સરદાર સાહેબની ૧૫૦મી જન્મ જયંતી અંતર્ગત પદયાત્રા યોજવાનો વિચાર આવ્યો હતો. પરંતુ દુર્ઘટનામાં કિશોરભાઈનું નિધન થતા તે સમયે પદયાત્રા શક્ય બની ના હતી. જેને હવે રંગેચંગે યોજવામાં આવી છે. આ પદયાત્રાનો હેતુ એ છે કે લોકો આત્મનિર્ભર બને અને સ્વદેશી ચીજવસ્તુઓનો જ ઉપયોગ કરે તેમજ મોટાભાઈ કિશોરભાઈનું પદયાત્રાનું સ્વપન પૂર્ણ કર્યાનો અહેસાસ પણ કરીશું. પદયાત્રામાં વિવિધ ટેબ્લો જોવા મળશે અને વિવિધ સમાજના લોકો તેમના પારંપારિક વેશભૂષામાં હાજર રહી સન્માન પદયાત્રીઓનું કરશે.

## આયોજકો માટે પ્રેરણાદાયી ઉપસ્થિતિ

આયોજકો માટે પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં જોડાનાર મહાનુભાવોમાં રાજકોટ રાજવી પરિવારના માંધાતાસિંહ જાડેજા, રાજકોટ શહેર ભાજપના મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, ઉમેશભાઈ માલાણી(માલાણી કન્સ્ટ્રકશન), નરેંદ્રભાઈ સોલંકી(મહંત, આપાગીગાનો ઓટલો), નલીનભાઈ વસા(જૈન સમાજ અગ્રણી), લાખાભાઈ સાગઠિગા(પૂર્વ ધારાસભ્ય), સર્વાનંદભાઈ સોનવાણી(આર.કે. ગૃપ), અંજલીબેન રૂપાણી(પૂજિત રૂપાણી ટ્રસ્ટ), અશ્વિનભાઈ મોલિયા, (મહામંત્રી, શહેર ભાજપ-રાજકોટ), પૃથ્વીરાજસિંહ જાડેજા(ક્ષત્રિય અગ્રણી-ઈશ્વરીયા પોસ્ટ), મનિષભાઈ માદેકા(રોલેક્ષ બેરિંગ), પ્રભુદાસભાઈ પારેખ (શિલ્પા જવેલર્સ)કિરણબેન હરસોડા,(ખોડલધામ મહિલા કન્વિનર) અશોકભાઈ પીપળીયા (ચેરમેન, ગોં.ના.સહકારી બેંક લિ.), કમલેશ મીરાણી(અગ્રણી ભાજપ), પ્રકાશભાઈ સોની(રાજકોટ શહેર ભાજપ, પ્રભારી), ગુણવંતભાઈ ડેલાવાળા(પ્રમુખ, સરગમ કલબ-રાજકોટ), જગદિશભાઈ કોટડીયા(પ્રદેશ ભાજપ ઉદ્યોગ સેલ કન્વીનર), રાજુભાઈ પોબારુ(પ્રમુખ, રઘુવંશી સમાજ),લાભુભાઈ ખીમાણીયા(આહીર સમાજ અગ્રણી), કિરણબેન માકડીયા(મહિલા અગ્રણી)

### રાજકોટથી કાગવડ પદયાત્રાનો રૂટ

તા.૨૬ને ગુરુવારે સવારે ૭ વાગ્યે રાજકોટમાં ઢેબર રોડ પરના સ્વામીનારાયણ ગુરુકુળથી નીકળીને ગોંડલ રોડ, રાજકોટ થઈને ગોંડલ માર્કેટ યાર્ડમાં રોકાણ કરશે. યાર્ડમાં રાત્રીના સરદાર ગાથા અને લોકડાયરાનું આયોજન કરાયું છે. તા. ૨૭ મીએ સવારે યાર્ડમાંથી નીકળેલી પદયાત્રાનું કાગવડ નજીકના હેવા રિસોર્ટ ખાતે રાત્રીરોકાણ કરાશે. તા. ૨૮મીએ સવારે ૭ વાગ્યે કાગવડ ગામેથી પ્રસ્થાન કરનારી પદયાત્રા ખોડલધામ પહોચીને, ૧૦ વાગ્યે માં ખોડલ મંદિર પર ધ્વજારોહણ, ૧૦-30 કલાકે સરદાર ગાથા કાર્યક્રમ અને ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત-સન્માન કરવામાં આવશે.

### ત્રણ હજારથી વધુ લોકો જોડાશે

રાજકોટથી કાગવડ સુધીની પદયાત્રામાં ૩ હજારથી વધુ લોકો જોડાવાના છે. જેમાં ૧ હજાર લોકો સતત ત્રણ દિવસ સુધી ચાલી પદયાત્રા પૂર્ણ કરશે. સમગ્ર રૂટ દરમિયાન વિવિધ ગામોના લોકો જોડાશે. તેના માટે ભવ્યરથનું નિર્માણ કરવામાં આવ્યું છે. કુલ 30થી ૩૫ સ્થળો પર પદયાત્રિકોનું સન્માન કરવામાં આવશે. ૭૦ કિમીના રૂટમાં બપોરનો પ્રથમ પડાવ પીપળીયા ગામે - અને ત્યાં ભોજન સમારોહ ત્યારબાદ ગોંડલમાં રાત્રી રોકાણ, બીજે દિવસે બપોરે વીરપુર ખાતે ભોજન અને રાત્રી રોકાણ કાગવડ ખાતે અને ૨૮ મીએ સવારે કાગવડથી ખોડલધામ સુધી પદયાત્રામાં ક્રમશઃ ૫૦૦૦ લોકો જોડાવાની સંભાવના વ્યક્ત કરાઈ છે.

### ૧૧ પદયાત્રિકોનું વિશેષ સન્માન

મનોજભાઈ ટીલાળા સહિતના આગેવાનોએ જણાવ્યું હતું કે, કેવડીયાથી જે યાત્રા શરુ થઇ તેમાં ખોડલધામ સુધી પદયાત્રા દ્વારા આવનાર ૧૧ લોકોનું વિશેષ સન્માન કેબીનેટ મંત્રી મનસુખભાઈ માંડવીયાના હસ્તે થશે. આ સમયે અનેક ટોચના રાજકીય આગેવાનો જોડાવાના છે. સમગ્ર પદયાત્રા દરમિયાન સરદાર કથા યોજાશે અને આ પદયાત્રા રંગેચંગે પાર પાડવામાં આવશે.

### અધ્યક્ષ-ઉદ્દઘાટક-મુખ્ય મહેમાનો

ધારાસભ્ય રમેશભાઈ પટેલ દ્વારા યોજાનાર રાજકોટથી કાગવડ સુધીની પદયાત્રાના અધ્યક્ષ તરીકે કેબીનેટ મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયા તેમજ ઉદ્દઘાટક તરીકે ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ નરેશભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. ઉપરાંત મુખ્ય મહેમાનો તરીકે કેબીનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી, કુંવરજીભાઈ બાવળિયા, રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયા, કમલેશભાઈ પટેલ, પ્રફુલ્લભાઈ પાનસેરિયા, પૂર્વ કેબીનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ, રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, જામનગરના ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, બાલાજી વેફર્સવાળા ચંદુભાઈ વિરાણી, એસ.એન.જે. ફાર્માવાળાં સુરેશભાઈ સોરઠીયા, ઉમિયાધામ સીદસરના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણી, ઉમિયાધામ રાજકોટના પ્રમુખ અરવિંદભાઈ પટેલ, અગ્રણી ઉદ્યોગપતિઓ, રમેશભાઈ શિયાણી, રાજકોટના મેયર નયનાબેન પેઢડીયા, જેતપુરના ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા, ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટી અનારબેન પટેલ, દિનેશભાઈ કુંભાણી, તેમજ લે,પ.સ.અતિથી ભવન, સોમનાથના પ્રમુખ ભવાનભાઈ રંગાણી ખાસ હાજર રહેવાના છે.

### પદયાત્રાના અતિથિવિશેષ મહેમાનો

જ્યારે પદયાત્રાના ભવ્ય આયોજનમાં અતિથી વિશેષ મહાનુભાવો તરીકે રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા, પ્રદેશયુવા મોરચો ભાજપના પ્રમુખ પ્રશાંતભાઈ કોરાટ, પૂર્વ રાજ્યમંત્રી ભાનુબેન બાબરીયા, આર. સી. ફળદુ, રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, રાજકોટ મનપાના દંડક મનિષભાઈ રાદડિયા, રાજ્યસભાના સાંસદ કેશરીદેવસિંહજી ઝાલા, રાજકોટ શહેર ભાજપ અધ્યક્ષ માધવભાઈ દવે, રાજકોટ - ૬૯ના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, પૂર્વ રાજ્યમંત્રી ગોવિંદભાઈ પટેલ, ભાજપ અગ્રણી ધનસુખભાઈ ભંડેરી, રાજકોટ જીલ્લા ભાજપ પ્રભારી ધવલભાઈ દવે, ભાજપ ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, રાજકોટ - ૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, અમુલ ડેરીના વાઈસ ચેરમેન ગોરધનભાઈ ધામેલીયા, પૂર્વ રાજ્ય મંત્રી અરવિંદભાઈ રૈયાણી, રાજકોટના ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, અને રાજકોટ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમિનભાઈ ઠાકર ખાસ ઉપસ્થિત રહેવાના છે.



### કોર્પોરેશન વિસ્તારમાં હોવાં છતાં ઓરમાયું વર્તન

## શાસ્ત્રીનગરના રોડ-રસ્તા ડામરથી મઢવા માગણી

રાજકોટ , તા. ૨૨ નાના મવા રોડ પર આવેલી શાસ્ત્રી નગર (અજમેરા) ઓનર્સ સર્વિસ એસોસિયેશન દ્વારા સોસાયટીના આંતરિક રોડ રસ્તા ડામરથી મઢવા માગણી કરવામાં આવી છે.શાસ્ત્રી નગર ઓનર્સ એસોસિયેશનના પ્રમુખ અને કોંગ્રેસના પુર્વ કોર્પોરેટર ઘનશ્યામસિંહ જાડેજાએ મેયર તેમજ અધિકારીઓને લેખિત આવેદનપત્ર આપી રજૂઆત કરી છે કે, શાસ્ત્રી નગર સોસાયટી જ્યારથી કોર્પોરેશનમમાં ભેળવવામાં આવી ત્યારે અમારી સોસાયટીના ખૂબ જ સારા રોડ-રસ્તા હતા. વર્ષ ૨૦૧૦-૧૧માં સોસાયટીમાં પાણીની પાઈપલાઈન તેમજ ડ્રેનેજ કનેકશન આપતા રોડ-રસ્તા તૂટતા સોસાયટી દ્વારા ૮૦/૨૦ ની સ્કીમ દ્વારા સોસાયટી તેમના હકકના નાણાં રોકીને રોડ-રસ્તા બનાવવામાં આવ્યા હતા. છેલ્લા ૧૫ વર્ષમાં સોસાયટીમાં કયારેય પણ ડામર કામ કરવામાં આવ્યું નથી. ફકત પૂર્વ કોર્પોરેટરની ભલામણથી એકશન પ્લાનમાં મેઈન રોડની જ કામગીરી કરવામાં આવી હતી. આ પછી આજ સુધી વર્તમાન કોર્પોરેટરો, ધારાસભ્ય કે સંસદ સભ્ય દ્વારા સોસાયટીમાં કયારેય પણ તેમની ગ્રાન્ટનો ઉપયોગ કરાયો નથી.

તેઓએ સવાલ ઉઠાવ્યો છે કે અમારી સોસાયટી રાજકોટ મ્યુનિ. કોર્પો. ના નકશામાં નથી ? અમારી સોસાયટી સૌથી મોટો એડવાન્સ ટેકસ ભરતી સોસાયટી છે. છતાં પણ સવલતના નામે મીંડુ છે. તેમાંય હવે સોસાયટીમાં ગત એપ્રિલ મહિનાથી ડી.આઈ. પાઈપ નાખવાની કામગીરી કરતા હવે પડયા ઉપર પાટા જેવી સ્થિતિનું સર્જન થયું છે. સોસાયટીના રોડ-રસ્તા એક તો વિકાસની રાહ જોતા હતા. તેમાંય ખોદાકામ થતાં હવે સંપૂર્ણ બિસ્માર હાલતમાં છે. આગામી દિવસોમાં સોસાયટીના સંપૂર્ણ રોડ-રસ્તા-ડામરથી મઢવામાં નહીં આવે તો ૧૨૦૦ ની આવાસ ધરાવતા તેમજ ૭૦૦૦ ની વસતી ધરાવતી આ સોસાયટી ગાંધી ચિંધ્યા માર્ગ અપનાવશે. તેવી ચિમકી ઉચ્ચારી છે. સોસાયટીના આ પ્રશ્ન પર ધ્યાન આપીને તાત્કાલીક ધોરણે સોસાયટીનાં રોડ-રસ્તા, ડામર કામ કરી આપવા એસોસિયેશન દ્વારા માગણી કરવામાં આવી છે..

# આજે લાખાજીરાજ રોડ અડધો દિવસ બંધ

### રવિવારી બજારના વિરોધમાં વેપારીઓ સાંગણવા ચોકમાં ધરણાં કરી વિરોધ કરશે : લાખાજીરાજ રોડને ‘નો ફેરિયા ઝોન’ જાહેર કરો

રાજકોટ, તા. ૨૨ રાજકોટની હાર્દસમી મુખ્ય બજારમાં એક એવી મુખ્ય બજાર લાખાજીરાજ રોડ પર પાથરણાવાળાઓ અને રવિવારે ભરાતી ગુજરી બજારના વિરોધમાં લાખાજીરાજ રોડ મર્ચન્ટ એસોસિએશન દ્વારા આવતીકાલ મંગળવારે અડધા દિવસ વેપાર ધંધા બંધ રાખીને સાંગણવા ચોકમાં અનશન સાથે વિરોધ નોંધાવવામાં આવશે.

લાખાજીરાજ રોડ પર દિવાળી, સાતમ આઠમ જેવા તહેવારોની સાથોસાથ હવે કાયમી ધોરણે પાથરણાંવાળાઓ તેમના ધંધા રોજગાર માટે રોડ રસ્તા પર દૂકાનોની આડે બેસી જતાં હોય વેપારીઓ સાથે અવારનવાર ઘર્ષણ થાય છે. લાખાજીરાજ રોડ પર કાયમી ધોરણે બેસતાં પાથરણાંવાળા, ફેરીવાળા, લારીગલ્લાવાળાઓનો ત્રાસ દિન પ્રતિદિન વધી રહ્યો હોય વેપારીઓને પરેશાનીનો સામનો કરવો પડે છે. એમાં પણ રવિવારે આ રોડ પર ભરાતી ગુજરી બજારના કારણે વેપારીઓને ચાલવામાં પણ તકલીફ પડે છે.

પાથરણાં વાળા અને આ રવિવારીય ગુજરી બજારના વિરોધમાં લાખાજીરાજ રોડ મરચન્ટ એસો. દ્વારા આવતીકાલ તા.૨૩ને મંગળવારના રોજ સવારના ૯થી બપોરના એક વાગ્યા સુધી લાખાજીરાજ રોડના તમામ વેપારીઓ પોતાના વેપાર ધંધા અને શો રૂમ બંધ રાખશે. સાથોસાથ ,સાંગણવા ચોકમાં ધરણાં પર બેસીને વિરોધ કરશે. ત્યારબાદ વેપારીઓ મોટી સંખ્યામાં મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપી આ વિસ્તારને ‘નો ફેરીયા ઝોન જાહેર કરવાની માગણી કરવામાં આવશે. તેમજ આ વિસ્તારમાં કાયમી ધોરણે પોલીસ અને એસ. આર.પી.નો બંદોબસ્ત મુકવા પોલીસ વડાને પણ આવેદન પત્ર આપવામાં આવશે. વેપારીઓના કહેવા મુજબ લાખાજીરાજ રોડ પર ૫૦૦થી વધુ વેપારીઓ વર્ષોથી દુકાન શો રૂમ ધરાવીને ગુજરાન ચલાવે છે.



છેલ્લા ચાર પાંચ વર્ષથી આ મુખ્ય બજારમાં ગેરકાયદેસર પાથરણાંવાળાઓ તેમજ રેંકડી લારીવાળાઓ દુકાન કે શો રૂમમાં આવતાં ગ્રાહકોને મુશ્કેલીમાં મુકાવું પડે તે રીતે બેસીને અવરોધ ઉભો કરે છે. આ સામે વિરોધ કરીએ તો પાથરણાંવાળા માથાકુટ કરે છે. રવિવારે ભરાતી ગુજરી બજારમાં નાગરિકોની ભીડ વચ્ચે નાની મોટી ચોરીની ઘટનાઓ પણ બને છે. ત્યારે પાથરણાંવાળાઓ રેંકડીવાળાઓનો આ ત્રાસ કાયમી ધોરણે દુર કરવાની માગણી સાથે આવતીકાલે અડધો દિવસ વેપાર ધંધા બંધ રાખીને વિરોધ કરવામાં આવશે.

બપોર સુધી સાંગણવા ચોકમાં ધરણાં કરી તંત્ર સામે વિરોધ કરવામાં આવશે. આ પછી મ્યુનિસિપલ કમિશનર અને પોલીસ કમિશનરને આવેદનપત્ર આપી પાથરણાવાળાઓનો ત્રાસ દુર કરવા માટે આ બજાર વિસ્તારમાં કાયમી ધોરણે પોલીસ અને એસઆરપી બંદોબસ્ત મુકવાની અને આ વિસ્તારને નો ફેરિયા ઝોન જાહેર કરવા માગણમાં કરવામાં આવશે.

# ગુજસીટોકના આરોપીના જામીન રદ કરતી સેશન્સ કોર્ટ

### ભરત મુછડીયાની રમેશ રાણમ મકવાણાની ગેંગમાં સક્રિય સભ્ય હોવાની સ્પે.પી.પી. ભગીરથસિંહ ડોડીયાની દલીલો માન્ય રાખતી કોર્ટ

રાજકોટ, તા.૧૮ બે વર્ષ પહેલા ગાંધીગ્રામ-૨ યુનિ પોલીસમાં, રમેશ રાણા મકવાણાની ટોળકી સામે ગુજસીટોક અન્વયે ગુનો નોંધાયો હતો. ટોળકીના સાગરિત ભરત દાના મુછડીયાએ કરેલી રેગુલર જામીન અરજી કોર્ટે રદ કરી છે. સ્પે.પી.પી. ભાગીરથસિંહ ડોડીયાની અસરકારક દલીલોને ધ્યાને લઈને ભરતના જામીન રદ્દ કરાયા છે. આ કેસની મળતી વિગતો મુજબ વર્ષ ૨૦૨૩માં ગાંધીગ્રામ-૨ યુનિ.પોલીસના પીએસઆઈ બી.આર. ભરવાડે રાજકોટ તાલુકા પોલીસમાં રમેશ રાણા મકવાણા આણી ટોળકી સામે ગુજસીટોકનો ગુનો નોંધાવ્યો હતો. રમેશ રાણાની ટોળકીમાં હીરા પમાં સાગઠીયા અને ભરત દાના મુછડિયા સહિતના તત્વો ટોળકી બનાવી ૧૦ વર્ષથી સંગઠિત ગુનાખોરી આચરતા હોવાનું બહાર આવ્યું હતું. પોલીસ તપાસમાં બહાર આવ્યા મુજબ રેમેશ રાણા સામે ૧૪, હીરા પમાં સામે ૩ અને ભરત દાના સામે ૬ ગુન્હા નોંધાયા હતા.

મોટાભાગના ગુન્હામાં આ ટોળકી સાથે રહીને આજુબાજુના વિસ્તારોમાં બોગસ દસ્તાવેજો બનાવી, જમીનો પચાવી પાડવી અને ધાક-ધમકીઓ આપવાના ગુન્હાનો સમાવેશ થતો હોવાનું પોલીસે જણાવ્યું



હતું. જે તે સમયે રમેશ રાણા અને હીરા પમાં પકડાઈ ગયા હતા જયારે ભરત દાના ફરાર થઇ ગયો હતો. જો કે પાછળથી ભરત પકડાઈ ગયો હતો. પકડાયેલા આરોપીને કોર્ટમાં રજુ કરાતા કોર્ટે રિમાન્ડ મંજુર કર્યા હતા બાદમાં તમામને હવાલે કરાયા હતા.

દરમિયાન અન્ય આરોપી તેમજ મુખ્ય ગેંગ લીડર રમેશ રાણાને પણ જામીન મુક્ત કર્યા હોવાથી તેમને પણ મુક્ત કરવામાં આવે તેવી દલીલો સાથે ભરત દાનાએ રેગ્યુલર જમીન મુકવામાં આવ્યા હતા. પરંતુ આ સમયે સરકારી સ્પે.પીપી ભગીરથસિંહ ડોડીયા દ્વારા અસરકારક દલીલો કરાઈ હતી કે, એક તો ભરત ૨૦૨૩થી આજસુધી ફરાર થઇ ગયો હતો અને તેમના વિરુધ ચાર્જશીટ પણ થયું નથી.આવા સમયે જો તેમને જામીન આપવામાં આવશે તો તે ફરીથી નાશી જઈને, ગુન્હા આચરવા ઉપરાંત સાક્ષીને ફોડવાની કોશીષ કરશે તો ટ્રાયલ ચલાવવામાં વિલંબ થશે વિગેરે અસરકારક દલીલો કરતા સેશન્સ અદાલત ધ્વારા આરોપી ભરત દાના મુછડીયાની રેગ્યુલર જામીન પર મુકત થવાની અરજી રદ કરાઈ છે. આ કેસમાં સરકારપક્ષ તરફે સ્પે.પી.પી. તરીકે ભગીરથસિંહ ડોડીયા રોકાયા હતા.

### જરૂર હતી ત્યારે તંત્રની આળસ, વડાપ્રધાન સહિતના દિગ્ગજો આવતાની વાતથી દિવસ-રાત કામગીરી

# રાજકોટ સોળે કળાએ ખીલશે

## વાઈબ્રન્ટ કોન્ફરન્સ નજીક આવતા જ તૈયારીઓને અપાઈ રહ્યો છે આખરી ઓપ, રસ્તાઓનું બ્યુટીફિકેશન કાર્ય શરૂ






રાજકોટ, તા. ૨૨

જાન્યુઆરી ૧૦ થી ૧૨ રાજકોટ ખાતે વાઈબ્રન્ટ રિજ્યોનલ કોન્ફરન્સનું આયોજન થવા જઈ રહ્યું છે ત્યારે વડાપ્રધાન સહિત દેશના ટોચના ઉદ્યોગપતિઓ આવતા હોવાની વાત વાયુવેગે ફેલાઈ રહી છે જેને ધ્યાને લઈ તંત્રએ અત્યારથી જ તમામ તૈયારીઓ શરૂ કરી દીધી હોવાનું પણ જણાયું છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ રાજકોટ શહેર ની જાણે કાયાપલટ કરી દેવામાં આવી હોય તે પ્રકારે રાત દિવસ જોયા વગર કામગીરી હાથ ધરાઈ છે. અગાઉ વર્ષાઋતુમાં મુખ્ય માર્ગો ખખડધજ થઈ ગયા હતા તો પણ તંત્રએ સહેજ પણ ગંભીરતા દાખવી ન હતી અને મુદ્દો રાજ્ય સરકાર સુધી પહોંચ્યો પરંતુ હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈ વડાપ્રધાન અને મોટી વીવીઆઈપી મોમેન્ટ થતી હોવાના પગલે હાલ એ તમામ રસ્તાઓની મરામત કરવામાં આવી રહી છે જે રાજકોટના હાર્દ સમા હોય. બીજી તરફ ગ્રીનલેન્ડ ચોકડીથી મારવાડી કોલેજ સુધીનો રસ્તો પણ હાલ નવીનતમ બનાવવામાં આવી રહ્યો છે.

આ તમામ બાબતો માટે અત્યારથી જ જરૂરી પગલાઓ લેવામાં આવી રહ્યા છે ત્યારે એ વાત તો સ્પષ્ટ છે કે કોઈ કાર્યક્રમ કે કોઈ મોટું વ્યક્તિ આવતું હોય તો તાબડતોબ તમામ કામગીરીઓ હાથ ધરવામાં આવતી હોય છે અન્યથા નહીં.

આગામી ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમિયાન યોજાનારી 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ' અંતર્ગત રાજકોટમાં રિજનલ કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ આંતરરાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમાં દેશ-વિદેશના અગ્રણી ઉદ્યોગપતિઓ, વિવિધ દેશોના પ્રતિનિધિઓ અને ઉચ્ચ અધિકારીઓ રાજકોટની મુલાકાતે આવવાના છે. આ મહાનુભાવોની મુલાકાતને પગલે રાજકોટ મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે.

વર્ષોથી જે રસ્તાઓ અને ફૂટપાથ બિસ્માર હાલતમાં હતા, તે હવે વાઈબ્રન્ટ સમિટના કારણે નવનિર્માણ પામી રહ્યા છે. શહેરના મુખ્ય માર્ગો, પ્રવાસન સ્થળો અને જે-તે રૂટ પર આવતી ફૂટપાથોનું રિનોવેશન કામ યુદ્ધના ધોરણે શરૂ કરી દેવાયું છે.જાહેર સ્થળો, દીવાલો અને ફૂટપાથ પર નવો કલરકામ કરીને શહેરને રંગબેરંગી રોશની અને ચિત્રોથી સજાવવામાં આવી રહ્યું છે. મુલાકાતીઓના રૂટ પર આવતા ઉબડ-ખાબડ રસ્તાઓ પર તાત્કાલિક પેચવર્ક અને ડામર કામ કરી 'નવા નક્કોર' રસ્તા તૈયાર કરવામાં આવી રહ્યા છે. મહત્વનું છે કે, અત્યાર સુધી જે દબાણો તંત્રની નજરમાં નહોતા આવતા, તે હવે મહેમાનોની સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થાના નામે દૂર કરવામાં આવી રહ્યા છે. શહેરના મુખ્ય જંક્શનો અને ફૂટપાથ પર થયેલા ગેરકાયદે દબાણોને હટાવી રસ્તાઓ ખુલ્લા કરવામાં આવી રહ્યા છે. અધિકારીઓ અને સ્થાનિક નેતાઓ જાણે ઊંઘમાંથી જાગ્યા હોય તેમ સતત સ્થળ મુલાકાત લઈ રહ્યા છે.

રાજકોટના વહીવટી તંત્ર દ્વારા એરપોર્ટથી લઈને હોટેલ્સ અને કાર્યક્રમ સ્થળ સુધીના તમામ વિસ્તારોને નવો લુક આપવામાં આવી રહ્યો છે. પ્રવાસન સ્થળો પર વિશેષ સજાવટ અને સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. શહેરના સામાન્ય નાગરિકોમાં એવી પણ ચર્ચા જોવા મળી રહી છે કે, જો આવા કાર્યક્રમો અવારનવાર યોજાય તો જ તંત્ર જાગે છે અને શહેરના રસ્તાઓ સુધરે છે. 'મહેમાન આવે ત્યારે જ ઘર સાફ થાય' તેવી કહેવત રાજકોટ તંત્ર માટે હાલ સાર્થક સાબિત થઈ રહી છે.આગામી ૧૦ જાન્યુઆરી સુધીમાં સમગ્ર રાજકોટને નવો ઓપ આપવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના સેંકડો કર્મચારીઓ રાત-દિવસ કામ કરી રહ્યા છે. હવે જોવાનું એ રહેશે કે આ કરોડોના ખર્ચે થતી કામગીરી સમિટ બાદ કેટલી ટકી રહે છે.

# વૃધ્ધાની ૩ લાખની સોનાની બંગડી ગઠિયા ઉતારી ગયા

### રામાપીરના મંદિરે દર્શન કરવા જતી વખતે માધાપર ચોકડી પાસે ઠગાઈનો બનાવ : પહેલા રૂપિયો માંગ્યો, પછી તમારે કેટલા સંતાન, કઈ જ્ઞાતિના વેગેરે પૂછી વાતોમાં લઈ ભોળવ્યા



રાજકોટ, તા. ૨૨

શહેરના માધાપર ચોકડી વિસ્તારમાં છેતરપિંડીનો એક સનસનીખેજ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શિવરંજની પાર્ક વિસ્તારમાં રહેતા ૬૫ વર્ષીય વૃદ્ધા જ્યારે રામાપીરના મંદિરે દર્શન કરવા જઈ રહ્યા હતા, ત્યારે બે અજાણ્યા શખ્સોએ વાતોમાં પરોવી તેમની પાસેથી સોનાની બે બંગડીઓ ત્રણ લાખની પડાવી લીધી હતી અને ફરાર થઈ ગયા હતા. ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં આ અંગે વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદી હર્ષાબેન મધુસુદનભાઈ શુક્લ (ઉવ. ૬૫) એ પોલીસમાં જણાવ્યા મુજબ સોમવારે સવારે આશરે સાડા નવ વાગ્યાની આસપાસ તેઓ પોતાના ઘરેથી નજીકમાં આવેલા રામાપીરના મંદિર ખાતે દર્શન કરવા ચાલીને નીકળ્યા હતા. આ સમયે રસ્તામાં એક એક્ટિવા મોટરસાઈકલ પર બે અજાણ્યા શખ્સો તેમની પાસે આવ્યા હતા. એક્ટિવા ચાલકે હર્ષાબેન પાસે એક રૂપિયો માંગ્યો હતો. હર્ષાબેને પાંચ રૂપિયાનો સિક્કો આપતા તે પરત આપીને શખ્સે પૂછ્યું હતું કે, ''તમારે કેટલા સંતાનો છે?'' અને ''તમે કઈ જ્ઞાતિના છો?''. આવી વાતોમાં વૃદ્ધાને ગુંચવીને શખ્સે તેમની પાસે પહેરેલી સોનાની બંગડી માંગી હતી અને કહ્યું હતું કે ''હું હમણાં પરત આપી દઈશ''.

ભોળવાયેલા હર્ષાબેને પોતાના ડાબા હાથની સોનાની બંગડી ઉતારીને આપી દીધી હતી. ત્યારબાદ બીજા શખ્સે દબાણ કરતા તેમણે જમણા હાથની બંગડી પણ ઉતારીને આપી દીધી હતી. જેવી હર્ષાબેને બંગડીઓ પરત માંગી, કે તરત જ બંને શખ્સો પોતાનું એક્ટિવા ભગાવીને નાસી છૂટ્યા હતા. લૂંટાયેલી બે બંગડીઓનું કુલ વજન અઢી તોલા (આશરે ૨૫ ગ્રામ) છે, જેની બજાર કિંમત અંદાજે રૂ. ૩,૦૦,૦૦૦ ગણવામાં આવી રહી છે આ બનાવ અંગે હર્ષાબેને તાત્કાલિક તેમના પુત્ર ગૌરવ અને પરિવારને જાણ કરી હતી. ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. ડી.જે. જાદવ દ્વારા આ મામલે ગુનો નોંધીને આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસવાની અને અજાણ્યા શખ્સોને પકડવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

### મૃતકના પરિવારને ૫૦ લાખ આપવા તથા શાળા સામે કડક કાર્યવાહી NSUIની માંગ

# નવયુગ સ્કૂલના બાળકના મોત બાદ કલેક્ટરને આવેદન



રાજકોટ, તા. ૨૨

ખાનગી શાળાઓ કે જે પ્રવાસ અર્થ વિદ્યાર્થીઓને બહાર લઈ જતી હોય છે તેમના માટે અત્યંત કડક નિયમો નિયમલ વાળી કરવામાં આવે છે ખાસ તો તેઓએ જિલ્લા શિક્ષણ અધિકારીને લેખિત સમગ્ર આયોજન અંગે માહિતગાર કરવામાં આવતા હોય છે જ્યારે મંજૂરી બાદ જ જે તે પ્રવાસ શક્ય બને છે ત્યારે હાલ રાજકોટની નવયુગ શાળા જે સાસણગીર ખાતે પ્રવાસન થઈ ગઈ હતી ત્યાં સ્વિમિંગ પૂલમાં બાળક ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. ત્યારે વાલીઓ ઉપર વજ્રઘાત સમાન આ ઘટના ઘટી છે અને આ વાતની ગંભીરતાને ધ્યાને લઈને જ હાલ NSUI દ્વારા વિવિધ કાર્યક્રમો આપવામાં આવી રહ્યા છે તેમાં પણ ખાસ ગઈકાલે વિશાળ બાઈક રેલી યોજી કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું અને ખાસ બાળકના પરિવારને ૫૦ લાખ રૂપિયા ની સહાય ચૂકવવાની માંગ પણ કરી હતી. ખરા અર્થમાં શિક્ષકો જે પ્રવાસમાં ગયા હતા તેના પર કાર્યવાહી થાય તેવી પણ માંગણીઓ ઉઠી રહી છે. ઇન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે જણાવ્યું હતું કે હાલ ખાસ ટીમનું ગઠન કરી સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરવામાં આવી રહી છે જે બાદ જવાબદારી સાબિત થશે તેમના પર કાર્યવાહી હાથ ધરાશે પરંતુ ક્યારે તે પણ સૌથી મોટો પ્રશ્ન છે.

રાજકોટના નવયુગ સ્કૂલના મૃત્યુ પામેલા વિદ્યાર્થીને મોટી આર્થિક સહાય ચૂકવવાની માંગણી સાથે એન.એસ.યુ.આઈ. દ્વારા ગઈકાલે જિલ્લા કલેકટર ડો. ઓમ પ્રકાશને આવેદનપત્ર સુપ્રત કરી રજૂઆત કરી હતી.આ અંગે એન.એસ.યુ.આઈ.ના રાજકોટ શહેર પ્રમુખ બ્રીજરાજસિંહ રાણાએ જણાવ્યું હતું કે રાજકોટની નવયુગ સ્કૂલના સાસણ ગીરના પ્રવાસ દરમિયાન સ્વીમીંગપુલમાં ડુબી જવાથી એક વિદ્યાર્થીનું મોત નિપજેલ હતું.તેઓએ જણાવ્યું હતું કે કોઈ સ્કૂલ દ્વારા પ્રવાસ લઈ જવામાં આવતો હોય તો તે પ્રવાસમાં જનાર વિદ્યાર્થીઓની સુરક્ષાની સંપૂર્ણ જવાબદારી સ્કૂલ મેનેજમેન્ટની હોય છે.

પણ કયારેક આ સ્કૂલ સંચાલક અને સ્કૂલ મેનેજમેન્ટની ધોરબેદરકારીના કારણે એક માતાપિતાએ પોતાનો દીકરો ગુમાવ્યો ત્યારે અમારી એક માંગણી છે કે હવે એનો જીવતો પાછો લાવી શકાતો નતી પણ તેમના પરિવારને મોટી આર્થિક સહાય કરવામાં આવે જરૂરી છે. આ ઉપરાંત આ સ્કૂલની ઘોરબેદરકારીને કારણે આ જીવ ગયો છે. તેને લઈને સ્કૂલ મેનેજમેન્ટ ઉપર કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી પણ તેઓએ માંગણી કરી હતી.

# ઉર્જા ક્ષેત્રે ૪ લાખ કરોડના MOU

## રાજકોટ વાઈબ્રન્ટ કોન્ફરન્સને લઈ તૈયારીઓનો ધમધમાટ : આર્ટિફિશિયલ ઈન્ટેલિજન સહિતના અનેકવિધ ક્ષેત્રે સર્જાશે ક્રાંતિ

રાજકોટ, તા. ૨૨

રાજકોટના આંગણે વાઈબ્રન્ટ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે આ કોન્ફરન્સમાં અનેક મોટા ઉદ્યોગકારો ઉપસ્થિત રહેશે અને સૌરાષ્ટ્ર કચ્છની કાયાપલટ પણ થશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. ત્યારે આ વખતે ઉર્જા વિભાગ દ્વારા ચાર લાખ કરોડના સમજૂતી કરારો કરશે તેવું હાલ જાણવા મળ્યું છે એટલું જ નહીં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના યુગમાં ઉર્જા ક્ષેત્રને વેગવંતુ બનાવવામાં આવે તે માટેના તમામ પગલાંઓ હાલ લેવામાં આવી રહ્યા છે. વાઈબ્રન્ટ ને લઈને હાલ અત્યારથી જ તડામાર તૈયારીઓ ચાલી રહી છે ગાંધીનગરના વિવિધ મંત્રાલયના સજીવો તથા આગેવાનો પણ સમયાંતરે રાજકોટ આવી રહ્યા છે અને સમગ્ર કાર્યક્રમનો તાગ મેળવી રહ્યા છે.

રાજકોટમાં આગામી ૧૦થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છ રિજનલ વાયબ્રન્ટ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના ઉર્જા વિભાગ દ્વારા અંદાજે રૂ.૪ લાખ કરોડના એમઓયુ થવાના છે. જેમાં રીન્યુએબલ એનર્જી એટલે કે સૌર, પવન અને દરિયાઈ ઉર્જા કઈ રીતે ઉત્પન્ન કરી શકાય અને તેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ તેમજ મશીન લર્નિંગનો ઉપયોગ કરી મહારાષ્ટ્રના સ્થાને ગુજરાતને મોખરાના ક્રમે કઈ રીતે લાવી શકાય તે અંગેની રણનીતિ ઘડવામાં આવશે. ઉર્જા સાથે અન્ય ક્ષેત્રના પણ એમઓયુ કરવામાં આવશે તેવું હાલ જાણવા મળ્યું છે જેથી એ વાત સ્પષ્ટ છે કે આગામી દિવસોમાં રાજકોટ વાઈબ્રન્ટ કોન્ફરન્સમાં કરોડો રૂપિયાના એમઓયુ થાય તો નવાઈ નહીં.



PGVCLના મેનેજિંગ ડિરેક્ટર કેતન જોશીએ જણાવ્યુ હતુ કે, મારવાડી યુનિવર્સિટીમાં વાયબ્રન્ટ સમિટમાં અવિરત વીજ પુરવઠો મળી રહે તે માટે ચીફ એન્જિનિયર, સુપ્રિટેન્ડેન્ટ એન્જિનિયર, એક્ઝિક્યુટિવ એન્જિનિયર અને જુનિયર એન્જિનિયર સહિતની ૧૦૦ કર્મચારીની ટીમ દ્વારા ચુસ્ત વ્યવસ્થા કરવામાં આવી છે. જેઓ ૨૪ કલાક ત્યાં હાજર રહેશે અને કોઈપણ પ્રકારના વીજ વિક્ષેપ વિના વાઈબ્રન્ટ સમિટ પૂર્ણ થાય તેવા પ્રયાસો છે.

### વિવિધ વિષયો પર વ્યાખ્યાનનું આયોજન?

* સીઈઓ રાઉન્ડટેબલઃ દરિયા કિનારાથી નજીકના પવન તરફ સંક્રમણમાં પડકારો અને તકો
* સંશોધનથી વપરાશ સુધીઃ ભારતના તેલ અને ગેસ મૂલ્ય શૃંખલામાં ગુજરાતનું નેતૃત્વ
* હાઈડ્રોકાર્બનથી કૃષિ રસાયણોઃ ગુજરાતની સંકલિત ઊર્જા અને ખાતર ઈકોસિસ્ટમ
* નેટ-ઝીરો પાથવેઝઃ આબોહવા-સ્થિતિસ્થાપક ઔદ્યોગિક, શહેરી અને ગ્રામીણ ઉર્જા પ્રણાલીઓની રચના
* નવીનીકરણીય એકીકરણ દ્વારા ખેડૂતોને સશક્ત બનાવતા એગ્રોવોલ્ટેઈક્સ
* નવીનીકરણીય ઉર્જા પ્રણાલીઓમાં વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગનો ઉપયોગ
* ભારતમાં મરીન કેબલિંગનું અન્વેષણ : મહાસાગર ઊર્જા અને લાસ્ટ માઈલ કનેક્ટિવિટી પર બેવડું ભારણ
* ટ્રાન્સમિશન માટે સામાન્ય માળખાગત સુવિધા અને કોરિડોર

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# એ સમસ્યા દેશની નથી

## મોરબીના સાહિલનો મુદ્દો વધારે પડતો ચગે છે



દરરોજ બે લાખ ભારતીઓ દેશ છોડી રહ્યા હશે. અન્ય દેશોમાં સેટ થવું એ પાપ નથી, પણ જે તે દેશમાં બનતી ઘટના અંગે દેશ છોડનાર ખુદ જવાબદાર હોય છે. વિચિત્ર બાબત એ છે કે, દેશ છોડીને ભાગેલા લોકો સુખી-સમૃદ્ધ થાય તો ખુદની વાહવાહી કરે છે અને વિદેશમાં ફસાઇ જાય તો ભારતને જવાબદાર ગણીને છૂટવાની આશા રાખે છે.

મોરબી પંથકના સાહિલ નામના યુવાનનો મુદ્દો સૌરાષ્ટ્રમાં અવાર-નવાર ચગે છે. રશિયા કમાવા ગયેલો સાહિલ ડ્રગ્સની હેરાફેરીમાં ઝડપાયો. જેલ સજા થઇ. જેલમાં ન જવું હોય તો રશિયા તરફથી યુદ્ધ લડવા વિકલ્પ અપાયો સાહિલ લડવા ગયો અને યુક્રેન સેના સામે સમર્પણ કરી દીધું. હાલ તે યુક્રેનમાં યુદ્ધ કેદી તરીકે કેદ છે.

સાહિલના આ પરાક્રમો માટે દેશ જવાબદાર ગણાય? જેલમાંથી સાહિલ અવાર-નવાર વીડિયો ક્લિપ વાયરલ કરીને પોતે નિર્દોષ હોવાના ગોકીરા કરે છે. સૌરાષ્ટ્રની મીડિયા જમાત સાહિલનો મુદ્દો ઉછાળીને ભારત સરકાર સમક્ષ કટાક્ષ કરે છે.

સાહિલ ખુદના પાપે ફસાયો છે. નિર્દોષ હોય તો ખુદે સાબિત કરવું પડે. સાહિલ જેવા કરોડો ભારતીયો વિદેશમાં ધબકે છે. જે તે દેશમાં તેને કંઇ થાય તો ભારત કઇ રીતે જવાબદાર ગણાય? આ લોકોના પ્રશ્નો ઉકેલવા બેસે તો ભારત ખુદના પ્રશ્નો કેવી રીતે હેન્ડલ કરશે?

સૌરાષ્ટ્રની અમુક મીડિયા જમાત સાહિલની વધારે પડતી ચિંતા કરે છે. સાહિલ જેવા અનેક યુવાનો સૌરાષ્ટ્રમાં નશાના રવાડે ચઢીને બરબાદ થઇ રહ્યા છે. તેની ચિંતા મીડિયાને કેમ થતી નથી?

સાહિલ જેલમાંથી વીડિયો ક્લિપ મોકલે એટલે મીડિયા ગોકીરા કરવા લાગે. જેલમાં મોબાઇલ ફોન પ્રતિબંધિત હોય છે. સાહિલ ખુદ કેદી હોવા છતાં વીડિયા મોકલે છે. તે દર્શાવે છે કે, જેલમાં પણ નિયમોનો ભંગ થતો હશે. આ સમસ્યા માટે ભારત જવાબદાર ન જ ગણાય. અહીં સાહિલનો વિરોધ કરવાનો ઉદ્દેશ નથી, તે ફસાયો તેનું દુઃખ પણ છે. નિર્દોષ હોય અને ફસાયો હોય તો વધારે દુઃખદ બાબત છે. મુખ્ય મુદ્દો એ છે કે, સાહિલકાંડમાં ભારત જરા પણ જવાબદાર ન ગણાય.

આમ છતાં ભારત સાહિલ કેસમાં રસ લે તો દેશનો સાહિલ પર ઉપકાર ગણાય. સાહિલ મામલે ભારત પર કટાક્ષયુક્ત ભાષા વપરાઇ રહી છે એ અણસમજનું પરિણામ છે. ભારતીયોએ દેશ પ્રત્યે વધારે જાગૃત થવાની જરૂર છે. ભારતમાં અસંખ્ય યુવાનો ફસાઇ રહ્યા છે. ભારતે અને મીડિયાએ દેશના યુવાનોની સમસ્યા ઉકેલવા શક્તિ ફાળવવી જોઇએ.

બુદ્ધિશાળી વ્યકિત તમારું દિમાગ ખોલે છે.
સુંદર વ્યકિત તમારી આંખો ખોલે છે.
પરંતુ
એક પ્રેમાળ વ્યકિત તમારું હૃદય ખોલે છે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા, રાહુલને હાઈકોર્ટની નોટિસ

## કેસમાં આગામી સુનાવણી ૧૨ માર્ચે : એસજી તુષાર મહેતાએ કોર્ટને કેસ સંબંધિત ઘટનાઓનો ક્રમ સમજાવ્યો

નવીદિલ્હી, તા. ૨૨

ED એ નેશનલ હેરાલ્ડ કેસમાં રાઉસ એવન્યુ કોર્ટના નિર્ણયને દિલ્હી હાઈકોર્ટમાં પડકાર્યો હતો. દિલ્હી હાઈકોર્ટે નેશનલ હેરાલ્ડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં કોંગ્રેસના નેતાઓ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય લોકોને નોટિસ ફટકારી છે જેમાં તેમના જવાબો માંગવામાં આવ્યા છે. જસ્ટિસ રવિન્દ્ર દુડેજાની કોર્ટે આ નોટિસ ફટકારી છે. નેશનલ હેરાલ્ડ કેસમાં આગામી સુનાવણી ૧૨ માર્ચે થશે. ED એ ટ્રાયલ રાઉસ એવન્યુ કોર્ટના સ્પેશિયલ જજ વિશાલ ગોગણેના આદેશને પડકાર્યો છે, જેમાં કોર્ટે ફરિયાદ પર ધ્યાન આપવાનો ઇનકાર કર્યો હતો. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટમાં દલીલ કરી હતી કે ટ્રાયલ કોર્ટના તારણો (ચાર્જશીટ પર ધ્યાન આપવાનો ઇનકાર કરવાનો નિર્ણય) ને સમર્થન આપવાથી ખોટી મિસાલ સ્થાપિત થશે. તેમણે દલીલ કરી હતી કે આની અસર અન્ય PMLA કેસ પર પડશે. જો આ આદેશને માન્ય માનવામાં આવે છે, તો આવી સ્થિતિમાં, જો કોર્ટે ખાનગી ફરિયાદ પર ધ્યાન આપ્યું હોય, તો ED તપાસ કરી શકશે નહીં. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ કેસમાં સ્વામીની ફરિયાદ પર કોર્ટ દ્વારા પ્રારંભિક નોંધ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૦ (અનુસૂચિત ગુનાઓ) હેઠળ આવે છે.




એસજી તુષાર મહેતાએ કોર્ટને કેસ સંબંધિત ઘટનાઓનો ક્રમ સમજાવ્યો. ગાંધી પરિવાર વતી વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવી હાજર રહ્યા. એસજી તુષાર મહેતાએ કોર્ટને કેસની હકીકતો સમજાવતા કહ્યું કે અંતિમ પરિણામ એ આવ્યું કે ₹૫૦ લાખની રકમ માટે, આરોપીને ₹૨,૦૦૦ કરોડની મિલકત મળી. કેસનો ઉલ્લેખ કરતા, એસજીએ કોર્ટને વધુમાં જણાવ્યું કે એક ખાનગી વ્યક્તિએ સક્ષમ કોર્ટમાં ખાનગી ફરિયાદ દાખલ કરી હતી, અને કોર્ટે તેની નોંધ લીધી હતી.

આ કોર્ટમાં આ નોંધને પડકારવામાં આવી હતી, અને કોર્ટે તેને ફગાવી દીધી હતી. તેને સુપ્રીમ કોર્ટમાં લઈ જવામાં આવી હતી, જેણે કેસની સુનાવણી કરવાનો ઇનકાર કર્યો હતો, પરંતુ સુપ્રીમ કોર્ટે નોંધ લેવાના આદેશને સમર્થન આપ્યું હતું. મેજિસ્ટ્રેટ દ્વારા નોંધ લેવામાં આવેલા કેસોમાં આઈપીસીની કલમ ૪૨૦ હેઠળના ગુનાઓનો સમાવેશ થાય છે, જે એક અનુસૂચિત ગુનો છે. વાંધાજનક આદેશનો સાર એ છે કે જ્યારે કોઈ વ્યક્તિ એક પાનાની FIR દાખલ કરે છે, ત્યારે તે ઊઉ ગુનો બની શકે છે, પરંતુ કલમ ૨૦૦ CRPC હેઠળ નોંધ લેતી કોર્ટ ED ફરિયાદનો આધાર ન હોઈ શકે. કોર્ટે પૂછ્યું કે શું કોઈ પેન્ડિંગ કેસ છે જેમાં ED એ ખાનગી ફરિયાદના આધારે કેસ શરૂ કર્યો હોય અને કોર્ટે નોંધ લીધી હોય. કોર્ટે પૂછ્યું કે શું આ પહેલો કેસ હોઈ શકે છે. SG એ કહ્યું કે PMLA ગુનો નોંધવા માટેની પ્રક્રિયાનો ઉલ્લેખ કરતું નથી. જે જરૂરી છે તે છે આરોપ, ગુનાહિત પ્રવૃત્તિ, અને ગુનાહિત પ્રવૃત્તિ સુનિશ્ચિત ગુના સાથે સંબંધિત હોવી જોઈએ. તેમાં FIR અથવા ગુનાહિત ફરિયાદનો ઉલ્લેખ નથી. મારા મતે, ગુનાહિત ફરિયાદ વધુ મહત્વપૂર્ણ છે. હું ભારપૂર્વક કહી રહ્યો છું કે તેની તપાસ કરવાની જરૂર છે. કોર્ટે પૂછ્યું કે શું ફરિયાદીની તપાસ કર્યા પછી કોર્ટે (સુબ્રમણ્યમ સ્વામીની ફરિયાદનું) ધ્યાન લીધું હતું? SG એ હા કહ્યું અને સાક્ષીઓએ પણ.

# ભાજપનું સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પણ સારું પ્રદર્શન

## મહારાષ્ટ્ર-અરૂણાચલમાં પ્રભાવશાળી પ્રદર્શન સાથે જીતનો સિલસિલો યથાવત



નવીદિલ્હી, તા. ૨૨

શાસક ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ માત્ર રાજ્ય વિધાનસભા ચૂંટણીઓમાં જ નહીં પરંતુ સ્થાનિક ચૂંટણીઓમાં પણ સારું પ્રદર્શન કર્યું. પાર્ટીએ મહારાષ્ટ્ર અને અરુણાચલ પ્રદેશમાં પ્રભાવશાળી પ્રદર્શન સાથે પોતાની જીતનો સિલસિલો ચાલુ રાખ્યો. હવે ગોવાનો વારો છે, અને ત્યાં શાસક ભાજપ કેવું પ્રદર્શન કરે છે તે જોવાનું બાકી છે. પાર્ટી સ્થાનિક ચૂંટણીઓમાં પોતાની જીતની ઉજવણી કરી રહી છે, જેમાં વડા પ્રધાન મોદી પોતે પાર્ટીના કાર્યકરોને અભિનંદન આપી રહ્યા છે. હાલમાં દેશભરના ઘણા રાજ્યોમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ યોજાઈ રહી છે. ઉત્તરપૂર્વીય રાજ્ય અરુણાચલ પ્રદેશમાં, શાસક ભાજપે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં પ્રચંડ વિજય સાથે પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું. ૧૫ ડિસેમ્બરે જિલ્લા પરિષદ અને ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ભાજપે બહુમતી મેળવી. રાજધાની ઈટાનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પણ પાર્ટીએ ૨૦ માંથી ૧૪ વોર્ડ જીતીને નિર્ણાયક વિજય નોંધાવ્યો. વિપક્ષ કોંગ્રેસ ઈટાનગરમાં પોતાનું ખાતું પણ ખોલવામાં નિષ્ફળ રહી.

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા ચૂંટણી પરિણામોમાં, ભાજપે ૨૪૫ જિલ્લા પરિષદની ૧૭૦ બેઠકો જીતી હતી. આમાંથી ૫૯ બેઠકો બિનહરીફ રહી હતી, જ્યારે કોંગ્રેસને ફક્ત ૭ બેઠકો મળી હતી. તેવી જ રીતે, ગ્રામ પંચાયત ચૂંટણીઓમાં ભગવા પક્ષનું વર્ચસ્વ રહ્યું. ભાજપે ૮,૨૦૮ બેઠકોમાંથી ૬,૦૮૫ બેઠકો જીતી, જેમાં ૫,૨૧૧ બેઠકો બિનહરીફ હતી. કોંગ્રેસે ૨૧૬ ગ્રામ પંચાયત બેઠકો જીતી, જેમાં ૧૧૧ બેઠકો બિનહરીફ હતી. અરુણાચલ પ્રદેશમાં સ્થાનિક ચૂંટણીઓમાં વિજય બાદ પાર્ટી અને રાજ્યને અભિનંદન આપતાં પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું, અરુણાચલ પ્રદેશના લોકો સુશાસનની રાજનીતિને અટલ સમર્થન આપે છે. હું અરુણાચલ પ્રદેશના લોકોનો ભાજપ પ્રત્યે દર્શાવેલા પ્રેમ બદલ આભાર માનું છું. આ રાજ્યના પરિવર્તન માટે કામ કરવાનું ચાલુ રાખવાના અમારા સંકલ્પને મજબૂત બનાવે છે. હું લોકોમાં ભાજપના કાર્યકરોના અથાક કાર્ય માટે તેમની પ્રશંસા પણ કરું છું.

અરુણાચલ પ્રદેશની જેમ, ભાજપના નેતૃત્વ હેઠળના મહાયુતિ (મહાગઠબંધન) એ પણ મહારાષ્ટ્રની મ્યુનિસિપલ કાઉન્સિલો અને નગર પંચાયતોમાં રેકોર્ડબ્રેક પ્રદર્શન કર્યું. મહાયુતિ, જેમાં ભાજપ, શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)નો સમાવેશ થાય છે, એ રાજ્યની ૨૮૮ મ્યુનિસિપલ કાઉન્સિલો અને નગર પંચાયતોમાં ૨૦૭ સ્થાનિક સંસ્થાના અધ્યક્ષ પદો પર કબજો કર્યો. વિપક્ષી મહા વિકાસ આઘાડી (મહા વિકાસ આઘાડી) ફક્ત ૪૪ બેઠકો પર સમેટાઈ ગઈ.

## મુશ્કેલીઓનો અંત આવવાના સંકેત નહિવત
## ૨૬ જૂના ૭૮૭-૮ એરક્રાફ્ટને અપગ્રેડ કરાશે

# એર ઈન્ડિયા ૨૦૨૬માં તેની તમામ ફ્લાઈટ કરશે અપગ્રેડ

નવીદિલ્હી, તા. ૨૨

૨૦૨૫નું વર્ષ પૂરું થવામાં થોડા જ દિવસો બાકી છે, પરંતુ એર ઇન્ડિયાની મુશ્કેલીઓનો અંત આવવાના કોઈ સંકેત દેખાતા નથી. સોમવારે એર ઇન્ડિયાના વધુ એક વિમાનમાં સમસ્યા આવી. દિલ્હીથી મુંબઈ જતી એર ઇન્ડિયાની ફ્લાઇટ AI887ને ટેકઓફ કર્યા પછી એરપોર્ટ પર પાછું ફરવું પડ્યું. આ વર્ષ એરલાઇન માટે ખાસ કરીને ખરાબ રહ્યું છે, અમદાવાદ વિમાન દુર્ઘટના જેવી વિનાશક દુર્ઘટનાનો સામનો કરવો પડ્યો. વધુમાં, ટેકનિકલ સમસ્યાઓના કારણે અનેક વિમાનોને ઇમરજન્સી લેન્ડિંગ કરવી પડી. સૂત્રોના જણાવ્યા અનુસાર, દિલ્હીથી મુંબઈ જતી વખતે, વિમાનના એક એન્જિનમાં ખામી સર્જાઈ હતી, જેના કારણે તેને દિલ્હી એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડી હતી. એર ઇન્ડિયા બોઇંગ ૭૭૭ વિમાન સવારે ૬:૫૨ વાગ્યે દિલ્હી પરત ફર્યું. જોકે, લેન્ડિંગ સફળ રહ્યું. વિમાનમાં સવાર તમામ ૩૩૫ મુસાફરો અને ક્રૂ સુરક્ષિત છે.

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યું હતું કે તેણે ટેકઓફ પછી તરત જ ટેકનિકલ ખામી સાથે સંકળાયેલી એર ઇન્ડિયાની ઘટનાની નોંધ લીધી છે અને તપાસના આદેશ આપ્યા છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) આ મામલાની તપાસ કરશે, અને નાગરિક ઉડ્ડયન મંત્રાલયે એર ઇન્ડિયા પાસેથી આ ઘટના અંગે માહિતી માંગી છે.



અમદાવાદ હવાઈ દુર્ઘટના ૨૦૨૫ માં વિમાન સાથે જોડાયેલી સૌથી ગંભીર દુર્ઘટના હતી. ૧૨ જૂનના રોજ બપોરે ૧:૩૦ વાગ્યે અમદાવાદથી લંડન જતી વખતે ઉડાન ભર્યાના થોડા મિનિટ પછી, વિમાન હવામાં જ ક્રેશ થયું હતું. આ અકસ્માતમાં ૧૬૯ ભારતીયો અને ૫૨ બ્રિટિશ નાગરિકોના મોત થયા હતા. વિમાનનો કાટમાળ જમીન પર પડતાં ૧૯ લોકોના મોત થયા હતા. જોકે, શ્રેણીબદ્ધ વિમાન અકસ્માતો, ટેકનિકલ ખામીઓ અને કટોકટી ઉતરાણથી પીડાતી એર ઇન્ડિયા હવે આવતા વર્ષથી મોટા ફેરફારો કરવાની યોજના બનાવી રહી છે. તેને આશા છે કે ૨૦૨૬ તેના માટે સારું વર્ષ રહેશે અને અકસ્માતો મુક્ત રહેશે. ગયા મહિને, એર ઇન્ડિયાના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર કેમ્પબેલ વિલ્સને જણાવ્યું હતું કે એરલાઇન ૨૦૨૬ માં તેના કાફલામાં મોટા ફેરફારો કરશે. વધુમાં, વાઇડ-બોડી બોઇંગ ૭૮૭-૮ એરક્રાફ્ટના લગભગ બે તૃતીયાંશ ભાગને આવતા વર્ષે અપગ્રેડ કરવામાં આવશે, અને સમગ્ર કાફલો ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થશે.

ગુરુગ્રામમાં એર ઇન્ડિયા ટ્રેનિંગ એકેડેમીમાં વાઇડ-બોડી અપગ્રેડ પ્રોગ્રામ વિશે માહિતી આપતા, વિલ્સને કહ્યું, અમારા પહેલા બે જૂના ૭૮૭-૮ એરક્રાફ્ટને કેલિફોર્નિયામાં અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે અને સંપૂર્ણપણે નવી ઇન્ટિરિયર અને વાઇ-ફાઇ કનેક્ટિવિટી પ્રાપ્ત થઈ રહી છે. બંને આવતા વર્ષે ફેબ્રુઆરી સુધીમાં સેવામાં પ્રવેશ કરશે. ત્યારબાદ અમે દર મહિને બે થી ત્રણ એરક્રાફ્ટને અપગ્રેડ કરીશું. તેથી, ૨૦૨૭ ના અંત સુધીમાં તમામ ૨૬ જૂના ૭૮૭-૮ એરક્રાફ્ટને અપગ્રેડ કરવામાં આવશે. ૨૦૨૬ ના અંત સુધીમાં, ૭૮૭-૮ ફ્લીટના લગભગ બે તૃતીયાંશ ભાગને અપગ્રેડ કરવામાં આવશે.

# બાંગ્લાદેશમાં પરિસ્થિતિ ફરી કથડી

## સમૃદ્ધિ-સુરક્ષા ભારત સાથેના સારા સંબંધો પર આધારીતઃ શેખ હસીના

નવીદિલ્હી, તા. ૨૨

બાંગ્લાદેશમાં પરિસ્થિતિ ફરી કથળી છે. લઘુમતીઓ સામે હિંસા થઈ રહી છે, તોડફોડ અને આગચંપીના બનાવો નોંધાઈ રહ્યા છે. ભારત વિરોધી વિરોધ પ્રદર્શનોમાં પણ વધારો થયો છે. બદલાતી પરિસ્થિતિ વચ્ચે, ભૂતપૂર્વ બાંગ્લાદેશી વડા પ્રધાન શેખ હસીનાએ જણાવ્યું હતું કે યુનુસના કાર્યકાળ દરમિયાન કાયદો અને વ્યવસ્થા કથળી હતી, હિંસા સામાન્ય બની ગઈ હતી. ભારત વિરોધી વિરોધ પ્રદર્શનો અંગે, તેમણે કહ્યું કે આ દેશના હિતમાં નથી. ''આપણી સમૃદ્ધિ અને સુરક્ષા ભારત સાથેના સારા સંબંધો પર આધાર રાખે છે,'' તેમણે કહ્યું. ઢાકામાં વિદ્યાર્થીઓ અને અન્ય લોકોના ભારે વિરોધ વચ્ચે ગયા વર્ષે ભારત ભાગી ગયેલા બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાએ સમાચાર એજન્સી ANI સાથેના ઈમેઈલ ઈન્ટરવ્યુમાં ઈસ્લામિક પ્રભાવ અને સુરક્ષા મુદ્દાઓ અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું, ''હું આ ચિંતા સમજું છું, અને મોટી સંખ્યામાં બાંગ્લાદેશીઓ પણ જે સુરક્ષિત, ધર્મનિરપેક્ષ દેશને પસંદ કરે છે તે આપણે પહેલા હતા.

તેમણે વધુમાં કહ્યું, ''યુનુસે ઉગ્રવાદીઓને મુખ્ય કેબિનેટ હોદ્દાઓ પર બેસાડ્યા છે, જ્યારે દોષિત આતંકવાદીઓને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા છે, અને આંતરરાષ્ટ્રીય આતંકવાદી સંગઠનો સાથે જોડાયેલા ઘણા જૂથોને જાહેર જીવનમાં ભૂમિકા ભજવવાની મંજૂરી આપવામાં આવી છે.'' યુનુસ વિશે તેમણે કહ્યું, ''તેઓ રાજકારણી નથી અને તેમને એક જટિલ દેશ ચલાવવાનો કોઈ અનુભવ નથી. મને ડર છે કે કટ્ટરપંથીઓ તેમનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષ સ્વીકાર્ય ચહેરો રજૂ કરવા માટે કરી રહ્યા છે, જ્યારે આપણી સંસ્થાઓને અંદરથી વ્યવસ્થિત રીતે કટ્ટરપંથી બનાવી રહ્યા છે.''



ભૂતપૂર્વ પ્રધાનમંત્રીએ કહ્યું કે આ પરિસ્થિતિ ફક્ત ભારત માટે જ નહીં, પરંતુ દક્ષિણ એશિયાઈ ક્ષેત્રમાં સ્થિરતામાં રોકાણ કરનારા દરેક દેશ માટે ચિંતાનો વિષય હોવો જોઈએ. બાંગ્લાદેશના રાજકારણનું ધર્મનિરપેક્ષ પાત્ર આપણી સૌથી મોટી શક્તિઓમાંનું એક હતું, અને આપણે તેને થોડા મૂર્ખ ઉગ્રવાદીઓની ઇચ્છાઓ દ્વારા બરબાદ થવા દઈ શકીએ નહીં.'' ભારતના ઉત્તરપૂર્વ રાજ્યો અને ''ચિકન નેક'' વિશે, શેખ હસીનાએ કહ્યું, ''આવા નિવેદનો અત્યંત ખતરનાક અને સંપૂર્ણપણે બેજવાબદાર છે. તેઓ યુનુસ દ્વારા પોતાનો પ્રભાવ વિસ્તારનારા ઉગ્રવાદી તત્વોને પ્રતિબિંબિત કરે છે. કોઈ પણ ગંભીર નેતા એવા પાડોશી દેશને ધમકી નહીં આપે જેના પર બાંગ્લાદેશ વેપાર, પરિવહન અને પ્રાદેશિક સ્થિરતા માટે નિર્ભર છે. તેણીએ ઉમેર્યું, ''આ વાણી ફક્ત વૈચારિક કલ્પનાઓને જ સેવા આપે છે, બાંગ્લાદેશના રાષ્ટ્રીય હિતોને નહીં. ભારતને આવા નિવેદનોને ચિંતાથી જોવાનો સંપૂર્ણ અધિકાર છે. આવા અવાજો બાંગ્લાદેશી લોકોનું પ્રતિનિધિત્વ કરતા નથી, જેઓ સમજે છે કે તેમની સમૃદ્ધિ અને સુરક્ષા ભારત સાથેના મજબૂત સંબંધો પર આધારિત છે. એકવાર દેશમાં લોકશાહી પુનઃસ્થાપિત થઈ જશે અને જવાબદાર સરકાર પાછી આવશે, તો આવા બેદરકાર નિવેદનબાજીનો અંત આવશે.

ગઠીયાગીરીની બજારમાં ઓનલાઇન, ઓફલાઇન ઠગો વચ્ચે જાણીતાઓ પણ મેદાને

# ડોક્ટરને મેનેજરે દીધું ૨૪ લાખનું ‘ઈન્જેક્શન’

## હોસ્પિટલના મેનેજર અને બીજા બે સાથી કર્મચારીઓએ મળીને દવાઓ બારોબાર વેંચી મારી, કાઉન્ટરમાંથી રોકડા કટકટાવી લીધાઃ હીસાબનો તાળો મેળવાતાં ભાંડો ફુટતાં દાખલ થઇ FIR : ક્રેડીટ કાર્ડમાં ઇન્ટરનેશનલ સેવા ચાલુ થઇ ગઇ છે, બંધ કરવા બેંકના નામે ફોન કરી રકમ ઉસેડી લેવાઇ

રાજકોટ, તા. ૨૨

ઓનલાઇન, ઓફલાઇન ગઠીયાઓ રોજબરોજ ફ્રોડ આચરતા રહે છે. પરંતુ ઘણીવાર તો પરીચીતો કે પોતાના જ ઘા કરી જતાં હોય છે. દરમિયાન એક ડોક્ટરને તેની જ હોસ્પિટલનો મેનેજર સહિતના ચોવીસ લાખની ઠગાઇનું ઇન્જેક્શન લગાવી ગયા છે. આ બધાએ મળીને સ્ટોકમાં ફેરફાર કરી દવાઓ બીલ વગર વેંચી મારી હતી અને કાઉન્ટમાં જે રૂપિયા એકઠા થતાં હતાં તેમાંથી પણ કટકી કરી લીધી હતી. આ રીતે કુલ ચોવીસ લાખની ઠગાઇ મેનેજર સહિત ત્રણ જણાએ કરી હોવાનું સામે આવતાં તબિબે કાયદાકીય કાર્યવાહી કરી આ બધા સામે એફઆઇઆર દાખલ કરાવી છે.

વિગતો પર નજર કરીએ તો ઘટના બોરસદની છે. પરંતુ આવી ઠગાઇઓ રાજ્યભરમાં ઠેકઠકાણે થતી રહેતી હોય છે. બોરસદ ખાતે આવેલ એક સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં કામ કરતા મેનેજરે સાથી બે કર્મચારીઓના મેળાપીપણામાં બિલિંગમાં ઘાલમેલ કરી રૂપિયા ચોવીસ લાખથી વધુની છેતરપિંડી આચરી હતી. આ મામલે બોરસદ શહેર પોલીસ મથકે ત્રણ શખ્સો વિરૂધ્ધ એફઆઇઆર દાખલ થઇ છે. બોરસદ ખાતે રહેતા જયપાલસિંહ રણજીતસિંહ મહિડા વ્યવસાય તબીબ છે તેઓ બોરસદ ખાતે અશ્મિ સુપર સ્પેશિયાલિટી નામની હોસ્પિટલમાં ફરજ બજાવે છે આ હોસ્પિટલમાં તેમની સાથે તબીબ મેહુલભાઈ શાહ પાર્ટનર તરીકે છે. તેમને હોસ્પિટલમાં બોરસદના ભાદરણીયાના કેતનકુમાર રમેશભાઈ ડાભી મેનેજર તરીકે નોકરી કરતા હતા.

મેનેજરની સાથે અજયસિંહ ભરતસિંહ મહિડા અને ચિરાગકુમાર રાકેશભાઈ ચાવડા પણ નોકરી કરતા હતા. ચેતનકુમાર ડાભી હોસ્પિટલના ફાર્મસીમાં મેનેજર તરીકે કામ કરતા હતા.હોસ્પિટલના વહીવટ માટે સોટવેરની યુઝર આઇડી હોસ્પિટલમાં કામ કરતા દરેક કર્મચારી પાસે હતું અને તબીબ પાસે આ સોટવેરના રાઈટ છે. જેમાં તેઓ હિસાબ કિતાબ અંગે ફેરબદલ કરી શકે છે.ગત તારીખ પહેલી ઓગસ્ટના રોજ ડોક્ટર જયપાલસિંહ સોટવેરમાં હિસાબ જોઈ રહ્યા હતા ત્યારે બિલમાં ઘટ થતી જોવા મળ્યું હતું. જે અંગે પાર્ટનર મેહુલભાઈને તેઓએ જાણ કરી હતી.

જેથી જે તે સમયે ફરજ ઉપર હાજર અજયસિંહ ને આ અંગે પૂછતા તેઓએ




ચેતનભાઈએ સોટવેરમાંથી બિલ ડિલીટ કર્યા હોવાનું કહ્યું હતું. જે અંગે તપાસ કરતા ચેતનને જેટલા પૈસાની ચોરી કરવી હોય તેટલા પૈસા કેસ કાઉન્ટરમાંથી ચોરી કરી તેટલી જ રકમના બિલ સોટવેરમાંથી ડીલીટ કરી દેતો હોવાનું અજય જણાવ્યું હતું. આ અંગે તપાસ કરતા સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું. બાદમાં સોટવેર કંપનીના માણસ પાસે તપાસ કરાવતા ચેતને અલગઅ લગ સમયગાળા દરમિયાન કેટલાક બિલો ડીલીટ કરી તબક્કા વાર ૨૪ લાખથી વધુના બિલ ડીલીટ કરી પૈસા લઈ લીધા હોવાનું જાણવા મળ્યું હતું.

જે માટે સોટવેર આઇડીના પાસવર્ડના રાઈટસ કોઈ રીતે મેળવી આ રકમની ચોરી કરી હોવાનું જાણવા મળ્યું હતું. સ્ટોકમાં ફેરફાર કરી બિલ વગર દવાઓનું વેચાણ કરતો હોવાનું અને દવાઓના વેચાણ થાકી મેળવેલી પૈસા ચેતન ચિરાગ અને અજય અંગત ખર્ચમાં વાપરી નાખ્યા હોવાનું જાણવા મળ્યું હતું. બાદમાં આ ત્રણેયને નોકરીમાંથી કાઢી મૂક્યા હતા. ત્યારબાદ તબીબ મેહુલભાઈને ચેતનને ફોન કરી અપશબ્દો બોલી ધમકીઓ આપી હતી. આખરે જયપાલસિંહ મહિડાએ આ અંગે બોરસદ શહેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચેતનકુમાર રમેશભાઈ ડાભી, અજયસિંહ ભરતસિંહ મહિડા અને ચિરાગકુમાર રાકેશભાઈ ચાવડા સામે ગુનો દાખલ કરાવાયો હતો. આ રીતે હોસ્પિટલના મેનેજર સહિતના ત્રણ જણા ડોક્ટરને ઠગાઇનો ડોઝ આપી ગયા હતાં. એમ કહી શકાય કે જેનું ખાધુ એનુ જ ખોદી ગયા હતાં.

બીજી ફ્રોડની ઘટના જોઇએ તો વડોદરા શહેરના આજવા રોડ પરથી આવેલી સોસાયટીમાં રહેતા અને ખાનગી નોકરી કરતા યુવકને ભેજાબાજોએ એસબીઆઇમાંથી બોલતા હોવાની ઓળખ આપી હતી, ત્યારબાદ તેમના ક્રેડિટકાર્ડમાં ઇન્ટરનેશનલ સર્વિલ ચાલુ થઇ ગઇ છે, જે બંધ કરાવવા માટે તમારા ૫ હજાર ચૂકવવા પડશે. જેથી યુવકે હા પાડતા યુવક ઠગોએ તેમના પર એક કસ્ટમર સપોર્ટની એપીકે ફાઇલની લિંક મોકલી હતી, જેના પર યુવકે ક્લિક કરતા જ તેમના એસબીઆઇ તથા એચડીએફસીના ક્રેડિટ કાર્ડમાંથી રૂપિયા ૧.૩૬ લાખ બોરાબાર કપાઇ ગયા હતા. જેથી યુવકે પોતાની સાથે ફ્રોડ થયો હોવાનુ માલુમ પડતા તેણે કપુરાઇ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ભોગ બનનાર યુવક ખાનગી નોકરી કરીને ગુજરાન ચલાવે છે. તેને અજાણ્યા મોબાઈલ પરથી યુવક પર કોલ આવ્યો હતો અને જણાવ્યુ હતું કે, અમે સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયામાંથી બોલીએ છીએ. તમારા એસબીઆઇના ક્રેડિટ કાર્ડ નંબર તેમજ એચડીએફસી બેંક ક્રેડીટ કાર્ડ નંબર પર ઇન્ટરનેશનલ સર્વિસ ચાલુ થઇ ગઇ છે, જો તમારા આ સર્વિસ હટાવવી હોય તો તેના માટે તમારે રૂપિયા ૫ હજાર જેટલો ચાર્જ ચુકવવો છે. જેથી યુવકે આ ચાર્જ હટાવવા માટે હા પાડી હતી. ભેજાબાજોએ આ ઇન્ટરનેશનલ સર્વિસ હટાવવા માટે તેમને એક લિંક મોકલી હતી. આ લિંકમાં કસ્ટમર સપોર્ટ એવુ લખેલુ હતું. ત્યાર બાદ આ ઠગો દ્વારા યુવકને આ લિંક પર ક્લિક કરવા માટે કહ્યું હતું. જેથી યુવકને તેમના પર વિશ્વાસ આવી ગયો હોય તેમના કહ્યાં મુજબ યુવકે આ લિંક ક્લિક કરતા એક લિંક ખુલી હતી. ત્યારબાદ એસબીઆઇના ક્રેડિટ કાર્ડમાંથી રૂપિયા ૭૧ હજાર તથા એચડીએફસીના ક્રેડિટ કાર્ડમાથી રૂપિયા ૬૯ હજાર હજાર કપાઈ જતાં યુવાનને ફ્રોડની ખબર પડતાં પોલીસને જાણ કરી હતી.

# દેણામાં આવી જતાં રામનાથપરાના શખ્સે ડેકી તોડી રોકડ ચોરી

## બાલભવન પાસે થયેલી ચોરીનો ભેદ પ્ર.નગર પોલીસે ઉકેલ્યો

રાજકોટ, તા. ૨૨

ચોરીના કિસ્સા રોજબરોજ બને છે. પોલીસ ઘણીવાર ગુના ઝડપથી ડીટેક્ટ પણ કરી લેતી હોય છે. ત્રણ દિવસ પહેલા રેસકોર્ષ બાલભવનના ગેઈટ પાસે પાર્કિંગમાં રાખેલા એક્ટીવાની ડેકીમાંથી રોકડ ચોરી લેવામાં આવી હતી. આ ગુનાનો ભેદ પ્ર.નગર પોલીસે ઉકેલી રામનાથપરા-૫માં હલીમા મંઝીલ ખાતે રહેતાં બેતાલીસ વર્ષના મહેશ પરબતભાઇ સરવૈયાને પકડી લઇ જીજે૦૩એફબી-૦૨૮૬ નંબરનું ટુવ્હીલર, રોકડા આડત્રીસ હજાર અને ઓરીજીનલ આધારકાર્ડ કબ્જે કર્યા છે. દેણામાં આવી ગયેલા આ શખ્સે એક્ટીવાની ડેકી ખોલી ચોરી કરી લીધી હતી.

વિગતો જોઇએ તો નાના મવા રોડ પર કરણ પાર્કમાં રહેતાં અને ચાંદીકામ કરતાં ચેતનભાઇ શીવલાલભાઇ ઉંધાડ ૧૮મીએ સવારે આઠેક વાગ્યે જીજે૦૩એફપી-૨૪૮૩ નંબરનું એક્ટીવા લઇ રેસકોર્ષ બાલભવનના ગેઇટ પાસે આવ્યા હતાં. અહિ વાહન પાર્ક કરી તે વોકીંગમાં ગયા હતાં. વોકીંગ કરીને આવ્યા ત્યારે તેના એક્ટીવાની ડેકી તુટેલી હતી અને અંદર રાખેલા રૂા. ૪૨ હજાર રોકડા, ઓરીજીનલ આધાર કાર્ડ ગાયબ હતાં. આથી મિત્રને જાણ કર્યા બાદ પોલીસને જાણ કરી હતી. ચોરીનો ગુનો નોંધાયા બાદ ડીટેક્ટ કરવા ટીમે પેટ્રોલીંગમાં હતી ત્યારે ડી. સ્ટાફના વિરેન્દ્રસિંહ પરમાર અને તૌફિકભાઇ જુણાચને મળેલી બાતમી પરથી મહેશ સરવૈયાને પકડી લેવાયો હતો. આ શખ્સ છુટક મજૂરી કરે છે.



ઝડપાયેલા શખ્સે પોતે હાર્ડવેરની દૂકાનમાં મજૂરી કરતો હોવાનું અને દેણુ થઇ જતાં આ ચોરી કર્યાનું રટણ કર્યુ હતું. જુના મોડેલનું એક્ટીવા હોઇ તેમા પોતાની પાસેની ચાવી લગાડતાં લાગી જતાં ડેકી ખોલી રોકડ ઉઠાવી લીધી હતી.પોલીસ ઇનસ. વી. આર. વસાવાની રાહબરીમાં પીએસઆઇ એમ. જે. વરૂ, હેડકોન્સ. મયુરરાજસિંહ જાડેજા, જયંતિભાઇ વાવડીયા, કોન્સ. ચાંપરાજભાઇ ખવડ, તૌફિકભાઇ મંધરા, વિરેન્દ્રસિંહ પરમાર, તૌફિકભાઇ જુણાચ, જયપાલસિંહ ઝાલા, રિયાઝભાઇ ભીપોત્રા, વનરાજભાઇ બોરીચા, જયપાલસિંહ, વિશ્વજીતસિંહ ઝાલા અને ધર્મેશભાઇ મોણપરાએ આ કામગીરી કરી હતી.

રાજકોટ રૂરલ LCBનો દરોડોઃ ૩૧ ડિસેમ્બર પહેલા જ બુટલેગરોના મનસૂબા પર ફેરવ્યું પાણી

# ‘કટિંગ’ સમયે ૬૧ લાખનો દારૂ બિયર જપ્ત

## રાજકોટનો ધવલ સાવલીયા જેતપુરના રબારીકા રોડ પર કટિંગ કરતો હતોઃ વાહનો મળી ૧ કરોડનો મુદ્દામાલ જપ્ત

રાજકોટ, તા. ૨૨

આગામી ૩૧ ડિસેમ્બરની ઉજવણીને ધ્યાને રાખીને દારૂની હેરાફેરી અને વેચાણ રોકવા માટે રાજકોટ ગ્રામ્ય પોલીસ એક્શન મોડમાં આવી છે. રાજકોટ રેન્જ આઈજી અશોક કુમાર અને જિલ્લા પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જરની સૂચના હેઠળ એલ. સી.બી. શાખાએ જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન હેઠળના જી.આઈ. ડી.સી. વિસ્તારમાં રેઈડ પાડી વિદેશી દારૂના મોટા કટિંગનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહીમાં પોલીસે ૬૪૯૨ નંગ દારૂની બોટલો અને વાહનો સહિત કુલ રૂ. ૯૯,૬૧,૭૯૯નો મુદ્દામાલ કબજે કર્યો છે.

એલ.સી.બી. પોલીસની ટીમ જ્યારે નાઈટ પેટ્રોલિંગમાં હતી, ત્યારે હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈ ડાંગર, રાજુભાઈ સાંબડા, દિવ્યેશભાઈ સુવા, હરેશભાઈ પરમાર અને કોન્સ્ટેબલ મિરલભાઈ ચંદ્રવાડીયાને ચોક્કસ બાતમી મળી હતી કે, રાજકોટનો ધવલ રસીકભાઈ સવલીયા રબારીકા રોડ પરના











જીઆઈડીસીના પાછળના ભાગે ખુલ્લા મેદાનમાં વિદેશી દારૂનું કટિંગ કરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા ઘટનાસ્થળેથી અલગ-અલગ બ્રાન્ડની દારૂની નાની-મોટી બોટલો અને બીયરના ટીન મળી આવ્યા હતા.

પોલીસે ઘટનાસ્થળેથી દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલા ચાર વાહનો પણ જપ્ત કર્યા છે. જેમાં એક ટ્રક (RJ 14 GF 0770), એક ટાટા ઈન્ટરા (GJ 03 BY 5024), એક બોલેરો પીકઅપ (GJ 03 BZ 6972) અને એક નંબર વગરના સ્પ્લેન્ડર મોટરસાયકલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, દારૂને છુપાવવા માટે વપરાતા ખાસ પ્રકારના કવરિંગના બાચકાઓ પણ જપ્ત કરવામાં આવ્યા છે. પોલીસ તપાસમાં મુખ્ય આરોપી ધવલ સાવલીયા સહિત વાહનોના ચાલકોના નામ ખુલ્યા છે.

આ સફળ કામગીરી એલ. સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર વી.વી. ઓડેદરા, ઈન્ચાર્જ પી.આઈ. એફ.એ. પારગી તથા પીએસઆઈ આર.વી. ભીમાણી અને એચ.સી. ગોહીલના માર્ગદર્શન હેઠળ સમગ્ર ટીમ દ્વારા કરવામાં આવી હતી. ૩૧ ડિસેમ્બર પહેલા થયેલી આ મોટી કાર્યવાહીથી બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

સોશિયલ મિડીયાનો ફ્રોડમાં સતત ઉપયોગઃ ટેલીગ્રામ ગ્રુપમાં એડ કરી ફ્રોડ

# મેનેજર વર્ક ફ્રોમ હોમ કરવા જતાં સોળ લાખનો ચૂનો

## ખાનગી કંપનીના મેનેજર સાઇડ ઇન્કમ માટે લલચાયા અને ગઠીયાની જાળમાં ફસાયા

રાજકોટ, તા. ૨૨

અલગ અલગ પ્રકારની તરકીબોનો ઉપયોગ કરી લોકોને ગઠીયા સતત છેતરી રહ્યા છે. વર્ક ફ્રોમ હોમના નામે વધુ એક ઠગાઇ થઇ છે. ખાનગી કંપનીના મેનેજર સાથે આ ઠગાઇ થઇ હતી.

વિગતો પર નજર કરીએ તો ડિજિટલ યુગમાં સાયબર ક્રાઈમના બનાવો સતત વધી રહ્યા છે. કલોલ તાલુકાના સાંતેજ વિસ્તારમાં રહેતા અને ખાનગી કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતા એક યુવક સાથે વર્ક ફ્રોમ હોમ અને ઓનલાઈન ટાસ્કના નામે રૂપિયા ૧૬.૦૪ લાખની જંગી છેતરપિંડી થઈ હોવાની ઘટના સામે આવી છે. આ અંગે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. હાલમાં સમગ્ર દેશની અંદર સાયબર ક્રાઇમની ઘટનાઓ વધી રહી છે તેમ છતાં યુવાનો સાઇબર ગઠિયાઓની જાળમાં ફસાઈ રહ્યા છે. આ વખતે સાતેજનો યુવાન પણ છેતરપિંડીનો ભોગ બન્યો છે. જે અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે મૂળ ઝારખંડના અને હાલ કલોલ તાલુકાના સાંતેજમાં આવેલ ન્યુ હેવન લેટમાં રહેતા રવિકાંત બ્રિજનંદન પ્રસાદ વર્મા અરવિંદ મિલમાં પ્રોડક્ટ ડેવલપમેન્ટ મેનેજર તરીકે ફરજ બજાવે છે.

તેના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી વોટ્સએપ મેસેજ આવ્યો હતો, જેમાં ઘરે બેઠા કામ કરીને પૈસા કમાવવાની ઓફર આપવામાં આવી હતી. જેથી રવિકાંત દ્વારા તેમાં રસ દાખવતા ગઠિયાઓએ તેને બીજી એક લિંક અને ટેલિગ્રામ ગ્રુપમાં જોઈન્ટ કર્યો હતો હતા. શરૂઆતમાં વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવી સામાન્ય ટાસ્ક આપ્યા હતા. જેમાં તેને ૮૦૦ રૂપિયાનો નફો બતાવી તે રકમ તેમના બેંક ખાતામાં જમા પણ કરાવી આપી હતી, જેથી તેને વિશ્વાસ બેસી ગયો હતો.

ત્યારબાદ ગઠિયાઓએ પેઈડ ટાસ્કમાં મોટો નફો મળશે તેવી લાલચ આપી હતી. જેથી તેણે તબક્કાવાર અલગ અલગ બેંકમાંથી ૧૬.૫૨ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા જેની સામે ૨૨.૪



### ઓનલાઇન ફ્રોડમાં પચ્ચીસ વર્ષના મજૂરના એકાઉન્ટમાં બે મહિનામાં થયા નવ કરોડના ટ્રાન્જેક્શનઃ વિગતો ખુલતાં પોલીસ પણ ચોંકી ગઇ

લાખની રકમ બતાવવામાં આવતી હતી જે ઉપાડવાનો -યાસ કરવામાં આવતા ઉપડી શક્યા ન હતા અને વધુ ૫૦ ટકા રકમ ભરવાનું જણાવવામાં આવ્યું હતું. જેથી તેની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. જોકે ૪૮ હજાર રૂપિયા તેને પરત મળ્યા હતા. આમ ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમમાં ફરિયાદ આપતા હાલ પોલીસ દ્વારા ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરવામાં આવી હતી.

સાયબર ફ્રોડ કઇ હદ સુધી આગળ વધેલુ છે તેની વિગતો અન્ય ઘટનામાં જોઇએ તો છૂટક મજૂરી કરતા પાણીગેટ વિસ્તારમાં રહેતા ૨૫ વર્ષના યુવાનના બેન્ક એકાઉન્ટમાં માત્ર બે માસના ગાળામાં જ રૂા.૮.૯૫ કરોડના ટ્રાન્ઝેક્શન મળતા પોલીસ ચોંકી ગઇ છે. ઓનલાઇન ફ્રોડમાં ઉપયોગ થતાં આ નાણાંનો પર્દાફાશ થયા બાદ પોલીસ તેના ઘેર પહોંચી પરંતુ તે મળ્યો ન હતો. માહિતી મુજબ ઓનલાઇન ફ્રોડ માટેના મ્યૂલ એકાઉન્ટો ખોલાવવા પર સમગ્ર રાજ્યભરમાં સકંજો કસવામાં આવી રહ્યો છે. સમન્વય પોર્ટલ પર વડોદરાને લગતા બેન્ક એકાઉન્ટોની તપાસ દરમિયાન એક એકાઉન્ટ સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાનું વાસણારોડ બ્રાંચનું શંકાસ્પદ મળ્યું હતું. આ એકાઉન્ટમાંથી રૂપિયા.૨૧.૪૮ લાખના અનઓથોરાઇઝ્ડ ટ્રાન્ઝેક્શન થયા હોવાની વિગતો બહાર આવી હતી.

એસબીઆઇના આ શંકાસ્પદ એકાઉન્ટને લગતી કુલ છ પોલીસ ફરિયાદો દાખલ થઇ હતી જેથી પાણીગેટ પોલીસ દ્વારા બેન્કમાંથી એકાઉન્ટની વિગતો મેળવતા તે એકાઉન્ટ ૨૫ વર્ષની વયના અરબ મહંમદ એજાઝ (રહે. રફાઇ એપાર્ટમેન્ટ, મેમણ કોલોની, આજવારોડ)નું છે તેમજ માત્ર બે માસના ગાળામાં કુલ રૂા.૮.૯૫ કરોડના નાણાંકીય વ્યવહારો થયા હોવાનું જણાયું હતું. આ રકમ પૈકી રૂપિયા ૨૧.૪૮ લાખ ગેરકાયદે ટ્રાન્ઝેક્શનથી મેળવ્યા હોવાની વિગતો જાણવા મળી હતી. આ અંગે પાણીગેટ પોલીસે અરબ સામે ગુનો દાખલ કરી તેના ઘેર પોલીસ તપાસ માટે પહોંચી ત્યારે તે ઘરમાં મળ્યો ન હતો જેથી પોલીસે ઘરના સભ્યોને નોટિસ આપી હતી. પોલીસે જણાવ્યું હતું કે માત્ર ધોરણ-૧૦ સુધી ભણેલો અરબ અગાઉ પાંચ વર્ષ સુધી લારી ચલાવતો હતો અને હાલ છૂટક મજૂરી કરે છે. તેની ધરપકડ બાદ વધુ વિગતો બહાર આવે તેવી શક્યતા છે.

### સોશિયલ મિડીયા મારફત પરિચય થયો, ઝડપથી પ્રેમ થયો, ઝડપથી જ કહાનીનો ખેલ ખતમ થયો

# અધુરી પ્રેમકહાનીઃ યુવતિ સગીર પ્રેમીને લઈને ભાગી!

## બંને ભાગી નીકળ્યા પછી ઝઘડો થયોઃ યુવતિ સગીરને મુકી પૂલ પર ચાલતી થઈઃ આરપીએફ જવાનને શંકા જતાં અટકાવી, કાન્સેલીંગ બાદ યુવતિને પરિવારને સોંપાઇ

રાજકોટ, તા. ૨૨

આજના સોશિયલ મિડીયાના યુગમાં આ માધ્યમથી એક બીજાના પરિચયમાં આવતાં યુવક-યુવતિ, પરણેલા-કુંવારા, સગીર-સગીરાઓ ગમે ત્યારે ગમે તેની સાથે મિત્રતામાં બંધાઇ જાય છે અને આ મિત્રતાને પ્રેમમાં પરીણમતા પણ વધુ સમય લાગતો નથી. પરંતુ આ રીતે શરૂ થયેલી અનેક પ્રેમકહાનીઓ અધૂરી રહી જતી હોય છે. આવી જ એક નોખી અખોની પ્રેમકહાની સામે આવી છે. જેમાં સોશિયલ મિડીયા થકી એક યુવતિને સગીર સાથે ફ્રેન્ડશીપ થયા પછી પ્રેમ થઇ ગયો હતો. બંનેના પરિવારને ખબર પડી ગઇ હતી પણ ઉમરની તફાવતવાળો આ પ્રેમ મંજૂર નહોતો. બંને ભાગી નીકળ્યા પણ પછી સમજદારીનો અભાવ કે ઉભરો ટાઢો પડી ગયો હોય એમ બંને વચ્ચે ઝઘડો થયો અને યુવતિ પૂલ પરથી કૂદવા તરફ આગળ વધી ગઇ હતી. પણ આ વખતે જ એક જવાને તેણીને બચાવી લીધી હતી.

આ સત્ય કહાનીની વિગતો પર નજર કરીએ તો ભરૂચમાં ઝારખંડની એક યુવતી ઘરેથી રૂપિયા પંદરસો લઇ લઈ તેના સગીર પ્રેમીને ભગાડીને પહોંચી ગઇહતી. આ બંને ભરૂચના અંકલેશ્વર સુધી પહોંચી ગયા હતા. જ્યાંથી બન્ને ભરૂચ રેલવે સ્ટેશન પહોંચ્યા હતા. જ્યાં નાની બાબતે બોલાચાલી થતાં યુવતી ગોલ્ડન બ્રિજ તરફ જવા નીકળી હતી. તે દરમિયાન આરપીએફ જવાનને શંકા જતા તેણે યુવતીની પૂછપરછ કરી હતી. જેથી તેની પ્રેમકહાની સામે આવી હતી. આ પછી તેને સખી સેન્ટર મોકલી હતી. જ્યા સખી વન સ્ટોપ સેન્ટરની ટીમે કાઉન્સિલિંગ કરીને અંતે યુવતીનું પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

વધુ માહિતી જોઇએ તો ઝારખંડની એક યુવતીને છ મહિના પહેલા સોશિયલ મીડિયા મારફતે ઝારખંડના જ એક સગીર સાથે મિત્રતા થઈ હતી. ધીમે ધીમે આ મિત્રતા પ્રેમમાં પરિણમી હતી, પરંતુ બંનેના પરિવારોએ આ સંબંધ સ્વીકાર્ય કર્યો ન હતો. જેથી બંનેએ ઘર છોડીને ભાગી જવાનો નિર્ણય કર્યો હતો. કોઇપણ હિસાબે બંને એક થવા ઇચ્છતા હોઇ યુવતીએ પોતાની કોલેજ ફીની રકમમાંથી પંદરસો રૂપીયા અને સગીરે તેની માતા પાસેથી જેકેટ લેવાના બહાને એક હજાર રૂપિયા લઇ લીધા હતાં. આ પછી બંને ભાગી નીકળ્યા હતાં. ટ્રેન મારફતે અંકલેશ્વર પહોંચ્યા હતા. અંકલેશ્વરમાં રહેવા માટે મકાન શોધતા સમયે મકાન માલિકે ઓળખપત્ર માંગતા તેઓ ભાગીને આવ્યા હોવાની શંકા



ઉભી થતાં મકાન ભાડે મળ્યું ન હતું.

ત્યારબાદ બંને ભરૂચ રેલવે સ્ટેશન પર હતા, ત્યારે નાની બાબતે થયેલી બોલાચાલીમાં યુવતી ભાવનાત્મક રીતે તૂટી ગઈ અને ગોલ્ડન બ્રિજ તરફ જવા નીકળી હતી. તે સમયે ત્યાં હાજર આરપીએફના પોલીસ જવાને સમયસૂચકતા દાખવી યુવતીને અટકાવી પોલીસ મથકે લાવી હતી. જ્યાં પૂછપરછ કરતા સમગ્ર મામલો સામે આવ્યો હતો. પોલીસ દ્વારા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન મારફતે યુવતીને સખી વન સ્ટોપ સેન્ટર ખાતે મોકલવામાં આવી હતી. અહીં સેન્ટરની સંયોજિકા વૈશાલી ચાવડા અને તેમની ટીમે સંવેદનશીલ કાઉન્સિલિંગ કરી યુવતીનો વિશ્વાસ જીત્યો હતો.

કાઉન્સિલિંગ દરમિયાન યુવતીએ સમગ્ર હકીકત જણાવતાં તેની માતાનો સંપર્ક નંબર આપ્યો હતો. ત્યારબાદ સેન્ટરની ટીમે તરત જ માતા-પિતાનો સંપર્ક કરી તેમની પુત્રી સંપૂર્ણ સલામત હોવાનું જણાવતાં તેઓ ઝારખંડથી તાત્કાલિક ભરૂચ આવી પહોંચ્યા હતા. ભરૂચ પહોંચીને પોતાની વ્હાલસોયી પુત્રીને સલામત જોઈ માતા-પિતાની આંખોમાં આનંદના આંસુ છલકાયા હતા. તેમણે સખી વન સ્ટોપ સેન્ટર, તેની ટીમ અને ગુજરાત પોલીસનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો. આ મામલે આ અંગે સખીવન સ્ટોપ સેન્ટરના સંચાલિકા વૈશાલી ચાવડાએ કહ્યું કે આ યુવતીને રેલવે પોલીસે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન દ્વારા અહીં યા મોકલવામાં આવી હતી. અમે તેનો વિશ્વાસ જીતી તેનું કાઉન્સિલિંગ કર્યું હતું.

તે સમયે તેણે જણાવ્યું હતું કે છ મહિના પહેલા તેની સગીર પ્રેમી સાથે સોશિયલ મીડિયા પરથી ઓળખાણ થઈ હતી. ત્યારબાદ તેમના માતા પિતાએ વાતચીત કરવાની ના પાડી હતી એટલે અમે નક્કી કર્યું હતું કે આપણે ઘર છોડીને નીકળી જઈએ જેથી તેઓ તેમના ઘરેથી નીકળી અંકલેશ્વરમાં કામ મળી રહશે તે આશ્રયથી અહીંયા પહોંચ્યા હતા. ત્યારે રેલવે સ્ટેશન પર પોલીસને શંકા જતા તેમની આઇડી માગતાં સમગ્ર મામલો સામે આવ્યો હતો. ત્યાર બાદ તેને અહીંયા મોકલવામાં આવી હતી. તેનાં કાઉન્સિલિંગ બાદ યુવતી પાસે તેની માતાનો નંબર મેળવી તેમનો સંપર્ક કરી તેમને અહીંયા તેને લેવા માટે બોલાવ્યા હતા. આજે તેમની પુત્રી તેમને સોંપવામાં આવી હતી. આમ યુવતિ અને સગીરની પ્રેમકહાનીનો સુખદ સમજાવટથી અંત આવ્યો હતો અને બંને તેના વાલીઓ પાસે પરત પહોંચ્યા હતાં.

આ ઘટના સોશિયલ મીડિયાના અંધ વિશ્વાસ અને ભાવનાત્મક નિર્ણયોથી થનારા જોખમો તરફ સમાજનું ધ્યાન દોરે છે. સાથે જ, મુશ્કેલીમાં મુકાયેલી દીકરીઓ માટે સખી વન સ્ટોપ સેન્ટર જેવી સંસ્થાઓ કેટલીઘણી મહત્વની ભૂમિકા ભજવે છે તેનું જીવંત ઉદાહરણ પણ બની છે. સોશિયલ મીડિયાના ગેરવપરાશથી ભી થતી સંવેદનશીલ પરિસ્થિતિ વચ્ચે ભરૂચની સખી વન સ્ટોપ સેન્ટરની ટીમે માનવતા અને સંવેદનશીલતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું હતુ. મિત્રતા, પ્રેમ કરવા એમાં ખોટુ નથી, પણ સામેનું પાત્ર કેવુ છે? કોણ છે? બંને એક બીજાને લાયક છે કે કેમ? તે સહિતની તપાસ કરવી પણ આજના સમયમાં જરૂરી છે.

### ચોરટાઓને નથી રહ્યો ડર!

# SRP વસાહત સુધી પહોંચેલા તસ્કરોને લાખોનો ધનલાભ

## SRPમેનના પરિવારજનો એક ક્વાર્ટરને તાળા મારી બીજા ક્વાર્ટરમાં સુવા ગયા ત્યારે રેઢા ઘરમાંથી ૬ લાખનો હાથફેરોઃ તેમના પુત્રની ફરિયાદ પરથી તપાસ



રાજકોટ, તા. ૨૨

તસ્કરોને ભય જ ન હોય તેમ હવે છેક ઘંટશ્વર એસઆરપી કેમ્પ ક્વાર્ટર સુધી પહોંચી ગયા છે. અહિ રહેતાં એસઆરપી મેનના ઘરમાંથી લાખોની ચોરી થઇ છે. આ મામલે તેમના પુત્ર કે જે ખાનગી હોસ્પિટલમાં ફરજ બજાવે છે તેણે પોલીસને જાણ કરતાં તપાસનો ધમધમાટ શરૂ થયો છે.

બનાવની વિગતો પર નજર કરીએ તો યુનિવર્સિટી પોલીસે ઘંટેશ્વર એસઆરપી કેમ્પ બી-૩૮ રૂમ નં.૪૪૫ ખાતે રહેતાં નિતીનભાઇ વિરજીભાઇ સરવૈયા નામના ઓગણત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી ચોરીનો ગુનો નોંધી ભેદ ઉકેલવા, ચોરટાઓને શોધવા મહેનત શરૂ કરી છે. નિતીનભાઇ સરવૈયાએ જણાવ્યું હતું કે હું મારા માતા-પિતા, પત્નિ અને બહેન તથા ભાઇ સાથે રહુ છું અને કુવાડવા રોડ પર આવેલી ગોકુલ હોસ્પિટલમાં ફાર્મસી વિભાગમાં નોકરી કરુ છું. તા. ૨૦ના શનીવારે સાંજે સાડા છએક વાગ્યે હું હોસ્પિટલે હતો અને મારો નાનો ભાઇ ભાર્ગવ આગલા દિવસે દ્વારકા ગયો હોઇ ઘરે મારા માતા-પિતા-બહેન, પત્નિ-દિકરો હાજર હતાં.

તેણે આગળ કહ્યું કે સવારે હું નાઇટ ડ્યુટી પુરી કરીને નોકરીએથી ઘરે આવ્યો ત્યારે મારા મમ્મીએ વાત કરી હતી કે રાતે દસેક વાગ્યે આપણા ક્વાર્ટર નં. ૪૪૫માં કબાટની તિજોરીમાં રાખેલા સોના-ચાંદીના દાગીના, રોકડા રૂપિયા રાખીને તાળા મારી બીજા ક્વાર્ટર નં. ૪૪૯માં અમે બધા સુઇ ગયા હતાં. સવારે જાગીને જોતાં ક્વાર્ટર નં. ૪૪૫ના દરવાજાના તાળા તુટેલા હતાં. અંદર તપાસ કરતાં સામાન વેરવિખેર હતો અને તિજોરીનું ખાનુ પણ તુટેલે જોવા મળ્યું હતું. જેમાંથી સોનાનો પેન્ડલ સેટ ૧,૭૫,૦૦૦નો, સોનાનો ચેઇન ૧,૫૬,૦૦૦નો, બે વીંટી રૂા. ૧ લાખની, સોનાની બુટી જુમ્મરવાળી રૂા. ૧ લાખની, સોનાના નાકના ૪ દાણા રૂા. ૨૮ હજારના, ચાંદીના સાંકળા રૂા. ૭ હજારના, ચાંદીના ગણપતિજી, લક્ષ્મીજીની મુર્તિ, ચાંદીના સિક્કા આશરે ૬ હજારના અને રોકડા ૧૨ હજાર ગાયબબ હતાં. કુલ ૬,૧૪,૦૦૦ની માલમત્તા કોઇ ચોરી ગયું હતું. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સ. એચ. એન. પટેલના માર્ગદર્શનમાં હેડકોન્સ. જી. એસ. ઝાલાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. એલસીબી ઝોન-૨ ટીમના આર. એચ. ઝાલા અને સ્ટાફે પણ ડીસીપી રાકેશ દેસાઇની રાહબરીમાં તપાસ શરૂ થઇ છે. એસઆરપીના જવાનોની વસાહતમાં ચોરીની ઘટનાથી ચકચાર મચી છે.

# ચોરી, દારૂ, લૂંટ પછી હવે ફિરોઝ પકડાયો ગાંજામાં

## વિનોદનગરના આ શખ્સ સામે અગાઉ નોંધાયા હતાં ૧૧ ગુનાઃ ભક્તિનગર પોલીસે બે લાખના ગાંજા સાથે પકડ્યો : સપ્લાય કરનારો પણ ઓળખાઇ ગયો : થોડા સમય પહેલા જ છુટ્યો છે જેલમાંથી

રાજકોટ, તા. ૨૨

શહેરમાં દારૂ ઉપરાંત માદક પદાર્થના નશા કરવાના રવાડે પણ અમુક બંધાણીઓ ચડી ગયા છે. યુવાધન માદક પદાર્થના રવાડે ન ચડે તે માટે શહેર પોલીસ સતત સક્રિય રહી એનડીપીએસના કેસ શોધી કાઢે છે અને માદક પદાર્થની હેરાફેરી-નેટવર્કને ભેદવા કામગીરી કરે છે. ભક્તિનગર પોલીસે આવી જ એક હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. જેમાં કોઠારીયા રોડ વિનોદનગરના એવા શખ્સને ઝડપી લીધો છે જે અગાઉ દારૂ, જૂગાર, લૂંટ, ચોરી સહિતના બે ત્રણ નહિ અગીયાર ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુક્યો હતો. આ વખતે તેને પોલીસે સવા બે લાખ રૂપિયાના ગાંજા સાથે પકડી લેવાયો છે. આ ગાંજો આપનારાનું નામ પણ પોલીસને મળી જતાં તેને શોધી કાઢવા તપાસ શરૂ થઇ છે.

વિગતો પર નજર કરીએ તો કોઠારીયા રોડ વિનોદનગરમાં રહેતાં અને અનેક ગુનાઓમાં અગાઉ પોલીસ ચોપડે ચડી ચુકેલા શખ્સને ભક્તિનગર પોલીસે ગાંજાના જથ્થા સાથે ઝડપી લીધો છે. આ ગાંજાનો જથ્થો થોડા મહિના પહેલા જ માદક પદાર્થના ગુનામાંથી જેલમાંથી છુટેલા મુળ રાજસ્થાનના અને હાલ કોઠારીયા ચોકડી પાસે રહેતાં શખ્સે આપ્યાનું કબુલ્યું હતું. શહેરમાં માદક પદાર્થની ગેરકાયદે પ્રવૃતિ નાબુદ કરવા અને આ પ્રકારના દ્રવ્યોની હેરાફેરી થતી હોય તો આવા કેસ શોધી કાઢવા સુચના અપાઇ છે અને દરેક પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ સેલની પણ રચના કરવામાં આવી છે.



એકત્રીસમી ડિસેમ્બર નજીક છે ત્યારે દારૂ સાથે માદકપદાર્થના ધંધાર્થીઓ ઉપર પણ ધોંસ

આ સેલની રચનાનો હેતુ ગેરકાયદેસર માદક પદાર્થની હેરાફેરી અટકાવવાનો અને આવા પાદર્થનો સંગ્રહ કરતાં, વેંચતા શખ્સોને પકડી લઇ યુવાધનને નશાના રસ્તે ચડતાં અટકાવવાનો છે. સે નો ટુ ડ્રગ્સ ઝુંબેશ હેઠળ ભક્તિનગર પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. જયદિપભાઇ અલગોતરને બાતમી મળતાં કોઠારીયા રોડ વિનોદનગર આવાસ યોજના ક્વાર્ટર નં. ૨૦૨૦/૪માં રહેતાં તેતાલીસ વર્ષના ફિરોઝ આમદભાઇ રાઉમાને ક્વાર્ટરની સામેની દિવાલ પાસે લાકડાના બાકડા પાસેથી ગાંજા સાથે પકડી લેવાયો હતો. એફએસએલ અધિકારી કે. એમ. તાવીયા પાસે પરિક્ષણ કરાવ્યા બાદ પોલીસે રૂા. ૨,૧૦,૦૦૦નો ૪.૨૦૦ કિલોગ્રામ ગાંજો કબ્જે કરી ફિરોઝની ધરપકડ કરી હતી. તેની પાસેથી મોબાઇલ ફોન પણ કબ્જે લેવાયો હતો. પોલીસના કહેવા મુજબ ફિરોઝ રીઢા ગુનેગારની છાપ ધરાવે છે.

પોલીસ સુત્રોએ કહ્યું કે ફિરોઝ વિરૂધ્ધ બી-ડિવીઝન, એ-ડિવીઝન, ભક્તિનગર, માલીયાનગર પોલીસ સ્ટેશનોમાં ચોરી, લૂંટ, મારામારી, દારૂ, જૂગાર સહિતના ૧૧ ગુના અગાઉ નોંધાઇ ચુક્યા છે. આ શખ્સ હાલ છુટક મજૂરી કરે છે. પૈસા કમાવવા માટે તે ગાંજો વેંચવા લાવ્યો હતો. પડીકીઓ બનાવી બંધાણીઓને વેંચે એ પહેલા પકડાઇ ગયો હતો. તેણે પ્રાથમિક પુછતાછમાં તેને આ ગાંજો કોઠારીયા ચોકડી નજીક શંકર ટેકરી નજીક રહેતાં મુળ રાજસ્થાનના પુરણનાથ ભગવાનનાથ ગોસ્વામી પાસે રહેતો શખ્સ આપી ગયાનું કહેતાં તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. પુરણનાથ થોડા સમય પહેલા જ માદક પદાર્થના ગુનામાંથી જેલમાંથી બહાર આવ્યો હતો. ફરી તેણે આવા પદાર્થની હેરાફેરી ચાલુ કરી હતી.

ગાંજો પકડી લેવાની આ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી હેતલ પટેલ, એસીપી બી. વી. જાધવની સુચના અંતર્ગત પોલીસ ઇન્સ. મયુરધ્વજસિંહ એમ. સરવૈયા, પીએસઆઇ જે. જે. ગોહિલ, એએસઆઇ નિલેષભાઇ મકવાણા, હેડકોન્સ. જયદિપભાઇ અલગોતર, સ્નેહભાઇ ભાદરકા, હરવિજયસિંહ ગોહિલ, કેતનભાઇ બોરીચા, રમેશભાઇ માલકીયા, રાજેશગીરી ગોસ્વામી, કોન્સ. પ્રભાતભાઇ મૈયડ, નિલેષભાઇ મિયાત્રા, પ્રકાશભાઇ મકવાણા, રવિભાઇ રત્નુ, અરજણભાઇ પરમાર, કુલદીપસિંહ ઝાલા, હોમગાર્ડ હાર્દિકભાઇ પીપળીયાની ટીમે કરી હતી. સપ્લાયર ઝડપાયા બાદ વધુ વિગતો બહાર આવશે.

### હમારી અધુરી કહાની...વધુ એક પ્રેમકહાનીનો પ્રેમીના મોત સાથે કરૂણ અંત

# કુટુંબી કાકા-ભત્રીજી વચ્ચે લવ થયોઃ કાકાનો જીવ ગયો

## લગ્ન થઇ શકે તેમ ન હોઇ ભાગીને હોટેલમાં પહોંચ્યાઃ બંનેએ મરી જવા હાથ પર બ્લેડથી કાપા મુક્યાઃ યુવાનનું મોત, યુવતિ બચી ગઇ

રાજકોટ, તા. ૨૨

કહેવાય છે કે પ્રેમ આંધળો હોય છે, પરંતુ ઘણીવાર એવી એવી ઘટનાઓ બનતી હોય છે જે જોઇને સાંભળીને લોકો બોલી ઉઠતાં હોય છે કે પ્રેમ નહિ, અહિ તો પ્રેમીઓ જ આંધળા હતાં! એક કિસ્સામાં કૌટુંબીક કાકા-ભત્રીજી વચ્ચે પ્રેમ થઇ ગયો હતો! પરંતુ સમાજને પરિવારજનોને આ પ્રેમ સ્વીકાર્ય ન હોઇ બંનેના લગ્ન થઇ શકે તેમ ન હોઇ ભાગીને હોટેલમાં પહોંચ્યા હતાં. અહિ બંનેએ હાથની નસો કાપી લીધી હતી. જેમાં પ્રેમીનો જીવ ગયો હતો, પ્રેમિકા ગંભીર હાલત સાથે હોસ્પિટલના ખાટલે પહોંચી હતી.

વિચીત્ર પ્રેમ કહાનીની આ ઘટના જોઇએ તો બનાવ અમદાવાદનો છે. અહિ એરપોર્ટ વિસ્તારમાં આવેલી હોટલમાં એક પ્રમી યુગલે હાથની નસો કાપીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો, જેમાં યુવકનું કરુણ મોત નીપજ્યું હતુ, જ્યારે યુવતીનો બચાવ થયો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું કે મૃતક યુવક અને યુવતી અમદાવાદના શેલા વિસ્તારના રહેવાસી હતા અને બંને વચ્ચે લાંબા સમયથી પ્રેમ સંબંધ હતો. પરંતુ બંને એક જ સમાજના અને સંબંધના નાતે કાકા-ભત્રીજી થતા હોવાથી સમાજમાં તેમના લગ્ન શક્ય નહોતા, જેનો રસ્તો ન દેખાતા બંનેએ ઘરેથી ભાગીને સાથે મરવાનું નક્કી કર્યું હતું. હાલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે અને હોસ્પિટલમાં સારવાર લઈ રહેલી યુવતીના નિવેદનના આધારે આગળની કાર્યવાહી શરૂ કરી છે.

વધુ માહિતી અનુસાર એરપોર્ટ વિસ્તારમાં આવેલી ડેઇલી સ્ટે નામની હોટેલમાં યુવક અને યુવતી ઘરેથી ભાગીને રોકાવા આવ્યા હતા. અહિ બપોરના સમયે યુવક અને યુવતીએ હાથમાં બ્લેડ મારીને સાથે મરી જવા આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ગંભીર ઇજા થતા યુવકનું મોત થયું હતું જ્યારે યુવતી બેભાન થઈ ગઈ હતી. હોટલના સ્ટાફને જાણ થતા પોલીસને જાણ કરવામાં આવી હતી. યુવતીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યારે યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે




મોકલવામાં આવ્યો હતો. બંનેએ સાથે આપઘાત પ્રયાસ કર્યો હતો તેનું કારણ જાણવા પોલીસ -યાસ કરી રહી હતી, પરંતુ યુવતી ભાનમાં ન આવી હોવાથી ચોક્કસ કારણ જાણવા મળ્યું નહોતું. જેથી પોલીસે યુવતીના ભાનમાં આવવાની રાહ જોઈ રહી હતી.

આ પછી યુવતીના ભાનમાં આવતા પોલીસ પૂછપરછ કરી ત્યારે જાણ થઈ હતી કે બંને અમદાવાદના શેલા વિસ્તારના રહેવાસી હતા. બંને વચ્ચે કેટલાક સમયથી -મ સંબંધ હતો. બંને એક જ સમાજના અને કાકા ભત્રીજી થતા હોવાથી બંનેના લગ્ન શક્ય નહોતા જેથી બંનેએ સાથે મરવાનું નક્કી કર્યું હતું. બંનેએ સાથે હાથ પર બ્લેડ મારીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો, પરંતુ યુવકનું મોત થયું જ્યારે યુવતીનો બચાવ થયો હતો. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આમ વધુ એક પ્રેમકહાનીનો પ્રેમીના મોત સાથે કરૂણ અંત આવી ગયો હતો.

અન્ય એક ઘટનામાં વડોદરામાં દિકરીએ પ્રેમલગ્ન કરી લેતાં પિતાને પસંદ ન પડતાં દિકરીને પરત માવતરે બોલાવી બાદમાં એક ડોસા સાથે પરણાવી દીધી હતી! મુળ બિહારની ત્રેવીસ વર્ષીય યુવતીએ પરિવારની જાણ બહાર પ્રેમી સાથે લગ્ન કરી લીધા હતા. જોકે પિતાનો વિરોધ હોવાથી પિતાએ દીકરીને પિયરમાં બોલાવી વૃદ્ધ સાથે પરણાવી દીધી હતી. જોકે યુવતી પરત પોતાના પહેલા પતિ-પ્રેમીના ઘરે જતી રહી હતી. યુવતીના કાકાનું મૃત્યુ થતાં તે વડોદરા આવતાં તેને રોકી લેતાં યુવતીએ અભયમ બોલાવી હતી. અભયમે યુવતી અને પિતાનું કાઉન્સેલિંગ કરીને મામલો થાળે પાડ્યો હતો.

યુવતી પ્રેમ લગ્ન કર્યા બાદ પતિ સાથે હૈદરાબાદ રહેતી હતી. લગ્નના થોડા સમય બાદ પિતાએ દીકરીને ઘરે બોલાવી તેની મરજી વિરૂધ્ધ એક વૃધ્ધ સાથે પરણાવી દીધી હતી. જોકે યુવતી હૈદરાબાદ ભાગી ગઇ હતી. યુવતીના કાકા બિહારમાં મૃત્યુ પામતાં તે ત્યાં જવા વડોદરા સુદી આવી હતી અને માસીના ઘરે રોકાઈ હતી. બાદમાં તેના પિતાએ આવીને તેનો મોબાઈલ લઈ લીધો હતો અને રોકી લેતાં યુવતીએ અભયમને બોલાવી હતી. અભયમે બંને પક્ષને સમજાવીને આખો મામલો થાળે પાડ્યો હતો. પ્રિયાના પિતા તેને જબરજસ્તી તેના બીજા પતિના ઘરે મોકલવા માગતા હતા અને તેનીનો મોબાઈલ પણ લઈ લીધો હતો.જેથી પ્રિયા કોઈનો સંપર્ક ન કરી શકે. જેથી પ્રિયાએ તેના પિતાને ધમકી આપી હતી કે, તે ટ્રેનની નીચે પડતું મૂકીને આત્મહત્યા કરી લેશે.

### લાલબત્તી સમાન વધુ એક બનાવ : કોઇને સ્ટેશને મુકવા જાવ તો જોજો

# ચાલુ ટ્રેને ઉતરવા જતાં જિંદગી ખતમ

## યુવાન સગાને રેલ્વે સ્ટેશને મુકવા ગયો અને ડબ્બામાં પણ ચડી ગયોઃ એ ટાણે જ ગાડી હાલતી થતાં પોતે ઉતરવા ગયો, પટકાયો અને મોતઃ અપમૃત્યુની અન્ય ઘટનાઓમાં ખાટલામાંથી પટકાતાં વૃધ્ધનું, બેભાન થઇ જતાં મહિલાનું મોત : એક યુવાનની ઝાડવે લટકતી કોહવાયેલી હાલતમાં મળી લાશ

રાજકોટ, તા. ૨૨

અપમૃત્યુની ઘટનાઓ વચ્ચે વધુ ચાર લોકોના મૃત્યુ થયા છે. જેમાં એક યુવાન સગાને ટ્રેનમાં બેસાડવા ગયો હોઇ પોતે પણ ડબ્બામાં ચડી ગયો હતો. ટ્રેન ઉપડી જતાં ચાલુ ટ્રેનમાંથી ઉતરતી વખતે પટકાતાં ગંભીર ઇજા થતાં તેની જિંદગી ખતમ થઇ ગઇ હતી. બીજી ઘટનામાં ખાટલામાંથી પડી જતાં વૃધ્ધનો જીવ ગયો હતો. એક બનાવમાં યુવાનની ઝાડમાં ફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી આવતાં અરેરાટી સાથે ચકચાર મચી ગઇ હતી. ચોથા બનાવમાં મહિલાનું ઘરે બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું.

પ્રથમ લાલબત્તી સમાન ઘટના જોઇએ તો ચાલતી ટ્રેનમાં ચડતી કે ઉતરતી વખતે પડી જવાથી ગંભીર ઇજાઓ થવાના, કાયમી વિકલાંગતા આવી જવાના કે પછી જીવ ગુમાવવો પડ્યો હોવાના બનાવો અનેક વખત બની ગયા છે. વધુ એક કિસ્સામાં એક યુવાનનું મોત થયું છે. મોરબીના રેલ્વે સ્ટેશન પર ચાલુ ટ્રેનમાંથી ઉતરતી વખતે પડી જતાં મુળ ઉત્તરપ્રદેશના અને હાલ મોરબીના ઉંચીમાંડલ ખાતે રહેતાં યુવાનનું મોત થયું હતું. મોરબીના ઉંચીમાંડલ ખાતે રહેતો મનિષભાઇ રામહજુર રાય નામનો પચ્ચીસ વર્ષનો યુવાન મોરબી રેલ્વે સ્ટેશને પ્લેટફોર્મ નંબર-૧ ખાતે ચાલુ ટ્રેનમાંથી ઉતરતો હતો ત્યારે પડી જતાં ગંભીર ઇજા થતાં મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.





જો કે અહિ તેનું આજે મોત થતાં પરિવારજનોમાં શોક છવાઇ ગયો હતો. કાળનો કોળીયો બની ગયેલો મનિષભાઇ મુળ યુપીનો વતની હતો અને ઉંચીમાંડલ ખાતે રહી સિરામીકના કારખાનામાં મજૂરી કરતો હતો. તેના સગાને મોરબીથી વાંકાનેર જવાનું હોઇ તે સગાને ટ્રેનમાં બેસાડવા ગયો હતો. એ દરમિયાન ટ્રેન ચાલુ થઇ જતાં પોતે ઉતરવા જતાં પડી જતાં માથામાં ગંભીર ઇજા થઇ હતી. સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં રાજકોટ રેલ્વે પોલીસે કાર્યવાહી કરી હતી.

બીજી ઘટનામાં જેતપુરના પીઠડીયા ગામે હરિઓમ વૃધ્ધાશ્રમમમાં રહેતાં મનસુખભાઇ મોહનભાઇ વાજા નામના એંસી વર્ષના વૃધ્ધ ખાટલામાંથી ઉતરવા જતાં પડી જતાં ઇજા થવાથી બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મોત થયું હતું. મૃત્યુ પામનાર મુળ રાજકોટના હતાં. લાંબા સમયથી તેમનું આગળ પાછળ કોઇ ન હોવાથી વૃધ્ધાશ્રમમાં રહેતાં હતાં. વિરપુર પોલીસને હોસ્પિટલ પોલીસ ચોકી મારફત જાણ કરવામાં આવી હતી.

ત્રીજી ઘટના જોઇએ તો ગોંડલ તાલુકાના સડક પીપળીયા ગામે આવેલી હોટલ પાછળ વાડીમાં ઝાડમાં એક યુવાનની લટકતી કોહવાઇ ગયેલી લાશ મળી આવતાં ચકચાર મચી ગઇ હતી. પોલીસ સુત્રોના કહેવા મુજબ સડક પીપળીયામાં આવેલી ધ ગ્રાન્ડ માલધારી હોટલ પાછળની વાડીમાં એક યુવાન લટકતી હાલતમાં જોવા મળતાં ગોંડલ તાલુકા પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. આ યુવાનનો મૃતદેહ કોહવાઇ ગયો હોઇ બે ત્રણ દિવસ પહેલા તેનું મોત થયાની શક્યતા જણાઇ હતી. પોલીસે આશરે ત્રીસ વર્ષના યુવાનના મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો છે. મૃતકની ઓળખ મેળવવા તપાસ શરૂ કરવામાં આવી છે. યુવાને આપઘાત કર્યો કે અન્ય કંઇ બન્યું? તેની પણ તપાસ થઇ રહી છે.

જ્યારે અપમૃત્યુની ચોથી ઘટનામાં ગોંડલમાં વોરા કોટડા રોડ પર આવાસ ક્વાર્ટરમાં રહેતાં ચાલીસ વર્ષના ભારતીબેન આશિષભાઇ પરમાર ઘરે બેભાન થઇ જતાં ગોંડલ સારવાર અપાવી રાજકોટ સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બિમારી હોવાનું સગાએ જણાવ્યું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ગોંડલ બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી. આમ ચાર અલગ અલગ ઘટનાઓમાં પરિવારોએ પોતાના સ્વજનોને ગુમાવી દીધા હતાં.

### પ્રીતબંધ છે, સૌ જાણે છે છતાં થોડા અમથા નફા માટે કરે છે વેંચાણ

# કાતિલ ચાઇનીઝ દોરી વેંચતા બે ઝડપાયા

## થોરાળા પોલીસે અલગ અલગ બે દરોડામાં કરી કાર્યવાહીઃ શહેરમાં ડ્રાઇવ દરમિયાન નેફામાં છરીઓ રાખી નીકળી પડેલા પાંચ પકડાયા

રાજકોટ, તા. ૨૨

દશ વર્ષે મકરસંક્રાંતિનો તહેવાર આવે એ પહેલા જ પોલીસ સહિતના તંત્રવાહકો લોકો માટે ઘાતકી જીવલેણ એવા ચાઇનીઝ દોરાનું વેંચાણ ન થાય એ માટે થઇને સતર્ક થઇ જાય છે. દર વર્ષે ચાઇનીઝ દોરા નહિ વેંચવા સહિતની બાબતોને લઇને પોલીસ કમિશનરનું જાહેરનામુ પણ બહાર પડે છે. પરંતુ આમ છતાં અમુક લેભાગુઓ નાના અમથા નફા માટે થઇને ઘાતકી દોરા ગમે તે રીતે લાવીને વેંચતા હોય છે. સંક્રાંતિ પહેલા જ પોલીસ આવા દોરા વેંચનારાઓને શોધીને કાર્યવાહી કરી રહી છે. આ દરમિયાન વધુ બે દરોડામાં ઘાતકી જીવલેણ ચાઇનીઝ દોરા વેંચતા બે શખ્સોને પકડી લેવાયા છે.



વિગતો પર નજર કરીએ તો માનવ જીવ માટે અતિ ગંભીર અને ઘાતકી ગણાતા ચાઇનીઝ દોરાના ઉપયોગ કરવા પર, વેંચવા પર કે સંગ્રહ કરવા પર પ્રતિબંધ છે. આમ છતાં આવા દોરા વેંચવામાં આવતાં હોય છે. શહેરની થોરાળા પોલીસની ટીમે બે સ્થળેથી બે શખ્સને આવા દોરાનું વેંચાણ કરતાં પકડી લઇ કાર્યવાહી કરી હતી. થોરાળા પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ એમ. એ. સોલંકી, હેડકોન્સ. વિક્રમભાઇ લોખીલ સહિતે દૂધ સાગર રોડ શિવાજીનગર-૩ પાસેથી અહિ રેતાં મંથન મુકેશભાઇ સોલંકીને રૂા. ૨૫૦૦ની ચાઇનીઝ દોરાની ૧૦ ફીરકીઓ સાથે પકડી લઇ પોલીસ કમિશનરના જાહેરાનામાના ભંગ બદલ કાર્યવાહી કરી હતી.

આવી જ રીતે થોરાળા પોલીસ સ્ટેશનના આસી સબ ઇન્સ. ઇ જે. પી. નીમાવત, શૈલેષભાઇ નેચડા સહિતે કુબલીયાપરા-૫ ડાભી હોટલવાળી શેરીમાં દરોડો પાડી અહિ હનુમાનજીના મંદિર પાસે રહેતાં પ્રભાત ઉર્ફ વિક્રમ ધીરૂભાઇ સોલંકીને રૂા. ૩૦૦૦ની ચાઇનીઝ દોરાની ૧૨ ફીરકીઓ સાથે પકડી લઇ કાર્યવાહી કરી હતી. પીઆઇ એન. જી. વાઘેલા, પીએસઆઇ એમ. એન. મહેશ્વરી સહિતની રાહબરીમાં આ કામગીરી થઇ હતી. થોડા દિવસો પહેલા સદર બજારના વેપારીને પણ એલસીબી ઝોન-૨ની ટીમે આ પ્રકારની પ્રતિબંધીત ચાઇનીઝ દોરાની ફીરકીઓ સાથે પકડી લઇ કાર્યવાહી કરી હતી. નાના મોટા ધંધાર્થીઓ સમજીને જ લોકો માટે જીવલેણ એવા ચાઇનીઝ દોરાનું વેંચાણ ન કરે તે જરૂરી છે અને લોકોના જીવનના હીતમાં પણ આ બાબત ખુબ મહત્વની છે.

બીજી તરફ શહેરમાં અલગ અલગ સ્થળે ચેકીંગ ડ્રાઇવ વખતે છરી સાથે શખ્સો પકડાયા હતાં. જામનગર રોડ ઘંટેશ્વર ૨૫ વારીયા પાસેથી અહિ જ ક્વાર્ટર નં. ૧૦૫માં રહેતાં ફારૂક બસીરભાઇ મલેકને છરી સાથે ગાંધીગ્રામ પોલીસના સહદેવસિંહ જાડેજાએ, કોઠારીયા રોડ ન્યુ નક્ષકિરણ હોસ્પિટલ પાસેથી રણુજાનગર-૯ના મહેન્દ્ર મીઠાભાઇ વાઘેલાને તથા ધારેશ્વર બસ સ્ટેશન પાછળ સરધાર ગામેથી સમઢીયાળાના નિતેશ પપ્પુભાઇ શાહુ (મુળ ભાગલપુર બિહાર)ને છરી સાથે આજીડેમ પોલીસના હરપાલસિંહ જાડેજા, કૃષ્ણવીરસિંહ ગોહિલ, ભરતભાઇ જોગીયા, એમ. ડી. મુંધવા સહિતે પકડ્યા હતાં. જ્યારે જુના યાર્ડ પાસેથી મોરબી રોડ જમુના પાર્ક-૩ના ગગજી ઉર્ફ હરૂભા જગમાલભાઇ પરમારને છરી સાથે બી-ડિવીઝનના મેહુલભાઇ પંડ્યાએ પકડી લઇ કાર્યવાહી કરી હતી. ચુનારાવાડ ચોકમાંથી વિશાલ કિશનભાઇ સોલંકીને છરી સાથે થોરાળાના જયેશભાઇ નિમાવતે પકડ્યો હતો. આમ ડ્રાઇવ દરમીયાન છરીઓ લઇ નીકળેલા શખ્સો ઝપટે ચડી ગયા હતાં.

# છોટુનગર પાસે ગાયે દાદી-પૌત્રને ફંગોળ્યા

## મનપાની ઢોર પકકડ પાર્ટી આવતાં ભડકેલી ગાયો ભાગી અને દાદી-પૌત્ર ઢીંકે ચડી જતાં સારવાર માટે ખસેડાયા

રાજકોટ, તા. ૨૨

શહેરમાં રખડતા રઝળતા ઢોરની ઢીંક ગમે ત્યારે ગમે તે લોકો માટે જોખમી બની જાય છે. ઘણીવાર લોકો ઘાયલ થાય છે તો ક્યારેક જીવ પણ જાય છે. દરમિયન શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ અનેક જગ્યાએ હોય છે. મ્યુ. કોર્પોરેશનની ઢોર પકડ પાર્ટી આવા ઢોરને પકડવાની કામગીરી પણ દરરોજ કરતી હોય છે. દરમિયાન રૈયા રોડ હનુમાન મઢી પાછળ છોટુનગર ઝૂપડપટ્ટી પાસે બપોરે ઢોર પકડ પાર્ટી રખડતા ઢોરને પકડવા આવી ત્યારે ભડકેલી ગાયો ભાગતાં ચાલીને જઇ





રહેલા મહિલા અને તેનો ત્રણ વર્ષનો પૌત્ર ગાયોની ઢીંકે ચડી જતાં ઇજાઓ થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. ગાયોએ કેટલીક સાયકલોનો પણ બૂકડો બોલાવી દીધો હતો.

વિગતો પર નજર કરીએ તો છોટુનગર ઝૂપડપટ્ટી નજીક બપોરે ગાયો ભડકીને ભાગતાં છોટુનગર ઝૂપડપટ્ટી એરીયા શેરી નં. ૧માં રહેતાં મંજુબેન રાજુભાઇ વાજેલીયા કે જે પચાસ વર્ષના છે તેઓ અને તેનો પૌત્ર શિવમ્ વિજયભાઇ વાજેલીયા જે ત્રણ વર્ષનો છે તે બંને ગાયની ઢીંકે ચડી જતાં બંનેને ઇજા થતાં સારવાર માટે દાખલ કરવામાં આવતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી. મંજુબેન અને તેના પતિ બકાલુ વેંચી ગુજરાન ચલાવે છે. મંઝુબેનનો પૌત્ર શિવમ્ નજીકની આંગણવાડીમાં ગયો હોઇ તેઓ તેને તેડીને ઘરે આવી રહ્યા હતાં ત્યારે મ્યુ. કોર્પોરેશનની ઢોર પકડ પાર્ટી રખડતા ઢોર પકડવા આવતાં ગાયો ભડકીને ભાગી હતી અને ચાલીને જઇ રહેલા મંજુબેન તથા પૌત્ર ઢીંકે ચડી ગયા હતાં. બે ત્રણ સાયકલોનો પણ ભાગતી ગાયોએ બૂકડો બોલાવી દીધો હતો. હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફ મારફત ગાંધીગ્રામ પોલીસને નોંધ કરાવવામાં આવી હતી.

# રાજકોટમાં ૧૩ વર્ષની છાત્રાની સતત પજવણી

## વિજય નામનો ઢગો તું હવે મોટી થઈ ગઈ છે, તારા લગ્ન થાય એ પહેલાં બધું જાણવું પડશે કહી સગીરાને બે મહિનાથી પજવતો હતો; યુનિવર્સિટી પોલીસે સકંજામાં લીધો

રાજકોટ, તા. ૨૨

શહેરના હીલ વિસ્તારમાં રહેતા એક શખ્સે ૧૩ વર્ષની માસૂમ કિશોરી-છાત્રાને છેલ્લા બે મહિનાથી પીછો કરી અને અશોભનીય વાતો કરી હેરાન પરેશાન કરી હોવાની ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે. આ મામલે ભોગ બનનારના પિતાએ ગાંધીગ્રામ-૨ (યુનિવર્સિટી) પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ઘટનાની વિગતો મુજબ, ભોગ બનનાર સગીરા જે શાળામાં અભ્યાસ કરે છે ત્યાંના શિક્ષિકાને તેણે પોતાની આપવીતી જણાવી હતી. આરોપી દ્વારા કરવામાં આવતી હેરાનગતિથી ડરી ગયેલી સગીરાએ હિંમત કરી શિક્ષિકાને વાત કરતા, શિક્ષિકાએ તાત્કાલિક સગીરાની મોટી બહેનને ફોન કરી સમગ્ર હકીકત જણાવી હતી. જેના આધારે પરિવારે દીકરીને વિશ્વાસમાં લઈ પૂછપરછ કરતા પડોશીના કાળા કરતૂતો સામે આવ્યા હતા.

સગીરાએ પરિવારને જણાવ્યું હતું કે, તે જ્યારે પણ એકલી જતી હોય ત્યારે આરોપી વિજય પરમાર તેનો પીછો કરતો હતો. આરોપી તેને અવારનવાર રોકીને કહેતો કે, ''તું હવે મોટી થઈ ગઈ છે, તારા લગ્ન થશે તો તને બધી જાણકારી હોવી જોઈએ.'' આ રીતે ખરાબ ભાષામાં વાત કરી મિત્રતા કરવા દબાણ કરતો અને જો સગીરા ના પાડે તો ઉશ્કેરાઈ જઈ અભદ્ર વર્તન કરતો હતો.

પોતાની દીકરી સાથે થયેલા આ માનસિક અને શારીરિક સતામણીના બનાવથી વ્યથિત પરિવારે હિંમત દાખવી પોલીસના દ્વાર ખખડાવ્યા છે. પોલીસે આરોપી વિજય પરમાર વિરુદ્ધ છેડતી અને પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરવા સકંજામાં લઈ તજવીજ હાથ ધરી છે.

### બાળા સાથે ડોસાના હલકા ચાળાની ઘટનાની તપાસ પુરી થઇ ત્યાં બીજી ઘટના

# યુવતિને ફ્રેન્ડશીપ કરવાનું કહી બિભત્સ ગાળો ભાંડી

## પુષ્કરધામ રોડ પર ચાનું પાર્સલ લઇને જતી ઓગણીસ વર્ષની યુવતિ ઢગાની છેડતીથી ડઘાઇ ગઇઃ પોતે તેને ઓળખતી ન હોઇ મિત્રતાની ના કહેતાં સરાજાહેર ગાળો દઇ ભાગી ગયોઃ યુનિવર્સિટી પોલીસે શરૂ કરી તપાસ

રાજકોટ, તા. ૨૨

શહેરમાં અનેક વખતે છેડતી પજવણી દૂષ્કર્મની એવી ઘટનાઓ બને છે જે ખળભળાટ મચાવી મુકી છે. હજુ તો એક ઘટનાની પોલીસે તપાસ પુરી કરી ન કરી ત્યાં બીજી છેડતી પજવણીની ઘટના બની ગઇ છે. શહરેના દોઢસો ફુટ રીંગ રોડ પર એક દસ વર્ષની બાળા સાથે બ્યાંસી વર્ષના ડોસાએ જાહેરમાં હલકી હરકતો કરી હતી. આ ગુનામાં પોલીસે તેની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતાં જેલહવાલે થયો છે. જતાં જતાં એવી કબુલાત પણ આપી હતી કે બાળાની પાંચ દિવસ પહેલા પણ છેડતી કરી હતી! આ વચ્ચે બીજી એક ઘટના બની છે. જેમાં પુષ્કરધામ રોડ પરથી ચાનું પાર્સલ લઇ ટુવ્હીલર પર જઇ રહેલી યુવતિનો એક બાઇકચાલકે પીછો કરી અત્યંત ખરાબ ભાષામાં ફ્રેન્ડશીપ કરવાનું કહેતાં તેણીએ પોતે તેને ઓળખતી ન હોઇ ના પાડતાં તેને બીભત્સ ગાળો દેતાં તે ત્યાંથી બચીને નીકળી ગઇ હતી. પોલીસે આ શખ્સને શોધી કાઢવા તપાસ શરૂ કરી હતી.

આ ઘટના પર નજર કરીએ તો યુનિવર્સિટી પોલીસે આ મામલે એફઆઇઆર દાખલ કરી છે. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે ભોગ બનનાર ૧૯ વર્ષની યુવતિની ફરિયાદ પરથી બ્લુ રંગનો શર્ટ પહેરેલા એક શખ્સ વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે. ભોગ બનનાર યુવતિ પ્રાઇવેટ નોકરી કરે છે. તેણે ફરિયાદમાં જણાવ્યુ છે કે હુ પરિવાર સાથે રહુ છું. રવિવારે સાંજે હુ ઘરે સવા આઠેક વાગ્યે હતી. મારા માતાને અને મારે ચા પીવી હોઇ જેથી માતાએ મને ચા લઇ આવવાનું કહેતાં હુ મારુ ટુવ્હીલર લઇને પુષ્કરધામના ગેઇટની સામે જાફર ચાની દૂકાને ચા લેવા ગઇ હતી. ત્યાંથી ચા પાર્સલ કરીને ઘરતરફ જતી હતી. આ વખતે મારા ટુવ્હીલરની પાછળ પાછળ એક બ્લુ રંગનો શર્ટ પહેરેલો શખ્સ તેના બાઇક પર આવ્યો હતો અને મારી પાસે આવી ખરાબ ઇશારા કરી ખરાબ ભાષામાં મને ફ્રેન્ડશીપ કરવા કહ્યું હતું.



પરંતુ હું તેને ઓળખતી ન હોઉ અને મેં ક્યારેય તેને જોઇ ન હોઇ જેથી ફ્રેન્ડશીપ કરવાની ના પાડતાં તે ઉશકેરાઇ ગયો હતો અને મને બિભત્સ ગાળો દેવા માંડી મારી સાથે ગેરવર્તન કરવા માંડ્યો હતો. જેથી હું ગભરાઇ જતાં ત્યાંથી ટુવ્હીલર લઇ નીકળી ગઇ હતી અને મારા ઘરે જઇ બનાવની જાણ મારા સગાને કરી હતી. બાદમાં મને પોલીસ ફરિયાદ નોંધાવવાની હિમ્મત આપતાં મેં પોલીસને જાણ કરી હતી. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પોલીસ ઇનસ. એચ. એન. પટેલના માર્ગદર્શનમાં એએસઆઇ જે. એલ. બાળાએ ગુનો દાખલ કર્યો હતો.

આ શખ્સને શોધી કાઢવા ડી. સ્ટાફની ટીમ કામે લાગી છે. સીસીટીવી ફૂટેજ ચકાસીને પોલીસે આ શખ્સને શોધી કાઢવા પ્રયાસ શરૂ કર્યા છે. સરાજાહેર છેડતીની આ ઘટનાથી યુવતિ ભારે ગભરાઇ ગઇ હતી અને ડઘાઇ ગઇ હતી. ઉલ્લેખનીય છે કે શહેરના દોઢસો ફુટ રીંગ રોડ પર મવડી ચોકડી પાસે બનેલી શરમજનક ઘટનામા એક દસ વર્ષની બાળકી જેને દાદા કહીને બોલાવતી હતી એ જ બાળકી સાથે જાહેરમાં ૮૨ વર્ષના ડોસા મવડી વિસ્તારના વિરમભાઇ ભગાભાઇ બરાડીયા સામે માલવીયાનગર પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી હતી. તપાસ થતાં આ વૃધ્ધે પાંચ દિવસ અગાઉ પણ આ બાળા સાથે છેડછાડ કરી હોવાનું ખુલતાં પોલીસ પણ ચોંકી ગઇ હતી. વૃધ્ધ એક બાળા સાથે જાહેરમાં બિભત્સ ચાળા કરતો હોવાનો વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ થતાં માલવીયાનગર પીઆઇ જે. આર. દેસાઇ અને ટીમે તપાસનો ધમધમાટ શરૂ કરી વૃધ્ધને શોધી કાઢી ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. પોક્સો સહિતની કલમો હેઠળ આ બનાવમાં કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ તપાસમાં ખુલ્યું હતુ કે પાંચ દિવસ પહેલા પણઆ બાળા સાથે આ વૃધ્ધે બિભત્સ હરકતો કરી હતી. તેને કોર્ટમાં રજૂ કરવામાં આવતાં જેલહવાલે કરવા હુકમ થયો હતો.

આ એક કેસની માલવીયાનગર પોલીસે તપાસ પુરી કરી હતી ત્યાં હવે યુનિવર્સિટી પોલીસમાં યુવતિની છેડતીનો ચોંકાવનારો બનાવ સામે આવતાં તપાસનો ધમધમાટ શરૂ કરાયો હતો.

**TDSમાં રાજકોટની સરાહનીય કામગીરી**

# ૫૫૦૦ કરોડના TDS લક્ષ્યાંક સામે ૩૩૦૦ કરોડની આવક

## ૬૦ ટકા કામગીરી પૂર્ણ, સાત જાન્યુઆરી બાદ રિકવરી ૭૦ થી ૭૫ ટકા પહોંચે તેવી પ્રબળ સંભાવના : ચાલુ વર્ષમાં એક પણ સર્વે હાથ ધરાયો નથી

રાજકોટ, તા. ૨૨

આવકવેરા વિભાગ તથા સેન્ટ્રલ જીએસટી વિભાગ દ્વારા છેલ્લા ઘણા દિવસથી હાલ દરોડા ને કામગીરી ચાલી રહી છે જેમાં કર્ચરો સામે કાયદાકીય અને કડક પગલાં લેવા માટેનો તખતો તૈયાર કરી લેવામાં આવ્યો છે પરંતુ હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ ટીડીએસ માં પણ જે છેતરપિંડી આચરવામાં આવી રહી છે તેની સામે પણ સમગ્ર દેશભરમાં આવકવેરા વિભાગ દ્વારા ખાસ ઝુંબેશ છેલ્લા ઘણા સમયથી ચાલુ કરી દેવાય છે મળતી માહિતી મુજબ આવકવેરા વિભાગ દ્વારા દેશના અનેક સ્થળો તથા રાજ્યોમાં વ્યાપક પ્રમાણમાં ચકાસણી કામગીરી હાથ ધરવામાં આવતી હોય છે જેમાં આવકવેરા રિટર્ન પર કપાત અને મુક્તિમાં કઈ રીતે છેતરપિંડી આચારવી તેવા દાવા કરનાર કરદાતાઓ ઉપર આવકવેરા વિભાગ દ્વારા ધોસ બોલાવવામાં આવી રહી છે.

આવકવેરા વિભાગે દેશના અનેક સ્થળોએ મોટા પાયે ચકાસણી કામગીરી શરૂ કરી છે, જેમાં આવકવેરા રિટર્ન (ITR) પર કપાત અને મુક્તિનો છેતરપિંડીથી દાવો કરનારા વ્યક્તિઓ અને કંપનીઓને લક્ષ્ય બનાવવામાં આવી છે. આ કાર્યવાહી આવકવેરા કાયદા, ૧૯૬૧ હેઠળ કર લાભોના દુરુપયોગના વિગતવાર વિશ્લેષણને અનુસરે છે, જેમાં ઘણીવાર વ્યાવસાયિક મધ્યસ્થીઓની સંડોવણી શામેલ હોય છે. તપાસમાં કેટલાક ITR તૈયાર કરનારાઓ અને મધ્યસ્થીઓ દ્વારા ચલાવવામાં આવતા અનેક સંગઠિત રેકેટનો ખુલાસો થયો હતો જેઓ કપટપૂર્ણ કપાત અને મુક્તિનો દાવો કરીને રિટર્ન ફાઇલ કરી રહ્યા હતા. આ કપટપૂર્ણ ફાઈલિંગમાં લાભની જોગવાઈઓનો દુરુપયોગ સામેલ હતો, જેમાં કેટલાકે વધુ પડતા રિફંડ મેળવવા માટે ખોટા ઝઉજ રિટર્ન પણ સબમિટ કર્યા હતા.




શંકાસ્પદ પેટર્નને ઓળખવા માટે, IT વિભાગે તૃતીય-પક્ષ સ્રોતો, ગ્રાઉન્ડ-લેવલ ઈન્ટેલિજન્સ અને અદ્યતન કૃત્રિમ બુદ્ધિમત્તા સાધનોનો ઉપયોગ કર્યો હતો. મહારાષ્ટ્ર, તમિલનાડુ, દિલ્હી, ગુજરાત, પંજાબ અને મધ્યપ્રદેશમાં હાથ ધરવામાં આવેલા તાજેતરના શોધ અને જપ્તી કામગીરી દ્વારા આ તારણો વધુ સમર્થન મળે છે, જ્યાં વિવિધ જૂથો અને કંપનીઓ દ્વારા કપટપૂર્ણ દાવાઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાના પુરાવા મળી આવ્યા હતા.

વિશ્લેષણ દર્શાવે છે કે કલમ ૧૦(13A), 80GGC, 80E, 80D, 80EE, 80EEB, 80G, 80GGA, અને 80DDB હેઠળ કપાતનો દુરુપયોગ થઈ રહ્યો છે. કોઈપણ માન્ય કારણ વગર મુક્તિનો દાવો કરવામાં આવી રહ્યો છે. આમાં ખગઈત, PSUs, સરકારી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને ઉદ્યોગસાહસિકોના કર્મચારીઓનો સમાવેશ થાય છે. કરદાતાઓને કમિશનના બદલામાં વધુ રિફંડના વચનો આપીને ઘણીવાર આ કપટી યોજનાઓમાં ફસાવવામાં આવે છે. સંપૂર્ણ ઇ-સક્ષમ કર વહીવટ પ્રણાલી હોવા છતાં, સંદેશાવ્યવહારનો અભાવ કરદાતાઓને મદદ કરવામાં એક મોટો અવરોધ રહે છે. એવું જોવા મળ્યું છે કે આવા ITR ફાઇલ કરનારાઓ ઘણીવાર ફક્ત બલ્ક રિટર્ન ફાઇલ કરવા માટે કામચલાઉ ઈમેઈલ ID બનાવે છે, જે પાછળથી છોડી દેવામાં આવે છે, જેના કારણે સત્તાવાર સૂચનાઓ વાંચ્યા વગર રહે છે.

આ તમામ બાબતોની ગંભીરતા વચ્ચે રાજકોટ આવકવેરા વિભાગની વાત કરવામાં આવે તો રાજકોટ યુનિટ દ્વારા અત્યંત સરહાનીય કામગીરી ટીડીએસ ક્ષેત્રમાં કરવામાં આવી છે જેમાં ચાલુ વર્ષ માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ દ્વારા સાડા પાંચ હજાર કરોડ રૂપિયા નો ટાર્ગેટ આપવામાં આવ્યો હતો જેમાં હાલ ૬૦% લક્ષ્યાંક પરિપૂર્ણ કરી દેવામાં આવ્યો છે એટલે કહી શકાય કે આશરે ૩૩૦૦ કરોડ રૂપિયાની ટીડીએસ પેટે આવક થઈ છે. દર ત્રણ મહિને ટીડીએસ ફાઈલ કરવાનું હોવાથી હાલ સાત જાન્યુઆરીએ ફરી ટીડીએસ ની તારીખ આવશે ત્યારે હાલ જે ૬૦% રિકવરી થઈ છે તે કદાચ વધીને ૭૦% સુધી પહોંચી જાય તેવું ચિત્ર હાલ જોવા મળ્યું છે. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લેતા એ વાત સ્પષ્ટ છે કે હાલ રાજકોટ હોય કે ગુજરાતના કોઈપણ યુનિટ ટીડીએસ માટે તેઓ ઘણી મહેનત કરી રહ્યા છે ભાગ્યે જ રાજકોટ ઝોન ની વાત કરવામાં આવે તો રિકવરી ન થઈ હોય તેવું ચિત્ર ઊભું થયું બાકી દર વર્ષે સો ટકા રીકવરી થઈ જાય છે.

આવકવેરા વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ માર્ચ મહિનામાં ખૂબ ટીડીએસ ની આવક થતી હોય છે ત્યારે જોવાનું એ રહ્યું કે હાલ જે ૬૦% કામગીરી થઈ છે તે આગામી ત્રણ મહિનામાં ૪૦% થઈ ગઈ છે કે કેમ ? બીજી મોટી આશ્ચર્યની વાત તો એ છે કે હાલ આ કામગીરીમાં એક પણ સર્વે આ વર્ષે યોજવામાં આવ્યો નથી જેનો મતલબ એ સ્પષ્ટ છે કે કર દાતાઓ દ્વારા તેમનો ટીડીએસ રેગ્યુલર અને યોગ્ય રીતે આપવામાં આવી રહ્યો છે. બીજી તરફ હાર્ડ રાજકોટની સરાહિયા કામગીરી પાછળ વિવિધ જાગૃતતાલક્ષી સેમીનાર તથા વેબિનારના માધ્યમથી જે રીતે કામગીરી કરવામાં આવી રહી છે તે જોતાં એ વાત સ્પષ્ટ થઈ છે કે હાલ જે ૫૫૦૦ કરોડનો રાજકોટનો જે ટાર્ગેટ છે તે ખરા અર્થમાં પરિપૂર્ણ થઈ જશે અને તેમાં કોઈ અડચણ ઊભી થાશે નહીં. પહેલા ટાર્ગેટ પૂર્ણ કરવા માટે સર્વે હાથ ધરવામાં આવતા હતા પરંતુ હવે તે આવતા નથી.

---

### રાજકોટનો ચોંકાવનારો કિસ્સોઃ ટોપ સિક્રેટ ન્યુઝ' નામની ઓફિસ ચલાવતા ચીરાગ સુદાણી અને જીતેશ સુદાણી વિરૂધ્ધ ફરિયાદ

# પુત્રના અભ્યાસ માટે પ્લોટ ગીરવે મુકનાર પિતા સાથે લાખોની ઠગાઈ

## મૂળ ઉપલેટાના પ્રૌઢની મજબૂરીનો લાભ લઈ, વિશ્વાસમાં કેળવી પ્લોટ પોતાના નામે કરાવી લીધા બાદ દસ્તાવેજ પરત ન કરી છેતરપિંડી આચર્યાનો આરોપઃ તાલુકા પોલીસમાં ફરિયાદ

રાજકોટ તા. ૨૨

પોતાના સંતાનોના ઉજ્જવળ ભવિષ્ય અને ઉચ્ચ અભ્યાસ માટે માતા-પિતા પોતાની જીવનભરની મૂડી પણ હોડમાં લગાવી દેતા હોય છે. પરંતુ ક્યારેક આ જ મજબૂરીનો લાભ લેવા કેટલાક તત્વો તૈયાર બેઠા હોય છે. આવો જ એક કિસ્સો રાજકોટમાં પ્રકાશમાં આવ્યો છે, જેમાં ઉપલેટાના રહેવાસી યોગેશભાઈ પોપટભાઈ નગેવાડીયા (ઉ.વ.૫૧)એ ચીરાગ પ્રવીણભાઈ સુદાણી અને જીતેશ નારણભાઈ સુદાણી વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદી યોગેશભાઈના જણાવ્યા અનુસાર, તેઓનો પુત્ર પ્રીત ઉચ્ચ અભ્યાસ કરવા માંગતો હતો, જેના માટે તેઓને નાણાંની સખત જરૂર હતી. રાજકોટના મોટા મૌવા વિસ્તારમાં સર્વે નંબર ૭૦ પૈકીનો પ્લોટ નં. ૬ (આશરે ૨૩૮ વાર) તેમની માલિકીનો હતો. આ પ્લોટ પર લોન લેવા માટે તેઓ રાજકોટની વિવિધ બેંકોમાં ગયા હતા, પરંતુ ટેકનિકલ કારણોસર લોન મંજૂર થતી નહોતી. આ દરમિયાન તેમની મુલાકાત રવીરાજભાઈ ચૌહાણ અને ત્યારબાદ સાગર ચૌહાણ સાથે થઈ હતી. સાગર તેઓને લીમડા ચોક સ્થિત આલાપ બિલ્ડિંગમાં 'ટોપ સિક્રેટ ન્યુઝ' નામની ઓફિસ ચલાવતા ચીરાગ પ્રવીણભાઈ સુદાણી પાસે લઈ ગયા હતા.

ચીરાગ સુદાણીએ યોગેશભાઈને વિશ્વાસમાં લીધા હતા કે, ''તમારા પુત્રનો અભ્યાસ પૂરો ન થાય ત્યાં સુધી હું આર્થિક મદદ કરીશ અને એડમિશનમાં પણ મદદ કરીશ.'' બદલામાં શરત એવી હતી કે પ્લોટનો દસ્તાવેજ ચીરાગના નામે કરવો પડશે. નક્કી થયા મુજબ, જ્યારે યોગેશભાઈ ચીરાગ દ્વારા આપવામાં આવેલ રકમ પરત કરે, ત્યારે પ્લોટનો દસ્તાવેજ ફરી યોગેશભાઈના નામે કરી આપવાનો રહેશે.

દસ્તાવેજમાં રમત અને નાણાકીય લેણદેણથી કાવતરૂ પાર પાડ્યું હતું. દસ્તાવેજઃ ૦૨/૦૬/૨૦૨૨ ના રોજ ચીરાગ સુદાણી અને તેના કૌટુંબિક ભાઈ જીતેશ સુદાણીના નામે પ્લોટનો વેચાણ દસ્તાવેજ (નંબર ૩૨૬૩/૨૦૨૨) કરાવી લેવામાં આવ્યો હતો. નાણાંની હેરાફેરીઃ દસ્તાવેજમાં દર્શાવેલ રકમ પૈકી એક ચેક રૂ. ૫,૦૦,૦૦૦ આપ્યા બાદ ચીરાગે તે રકમ રોકડમાં પરત લઈ લીધી હતી. ફરિયાદીના જણાવ્યા મુજબ, કુલ નક્કી થયેલી રકમમાંથી તેઓને માત્ર રૂ. ૨,૫૦,૦૦૦ જ મળ્યા હતા. ચીરાગે કંપનીમાં ભાગીદાર બનાવવાની લાલચ આપી યોગેશભાઈની ઇ-સાઇન કરાવી લીધી હતી. એટલું જ નહીં, નવું પાનકાર્ડ કઢાવતી વખતે તેમાં પોતાનો મોબાઈલ નંબર અને ઈમેઈલ આઈડી રજિસ્ટર કરાવી દીધા હતા.

પુત્રને પોલેન્ડ મોકલવા માટે ક્રેડિટ કાર્ડની જરૂર પડતા, ચીરાગે યોગેશભાઈના ખાતામાં ૧.૩૦ લાખ જમા કરાવી એફ.ડી. કરાવી હતી. ત્યારબાદ આ ક્રેડિટ કાર્ડ મેળવી તેના પર દર મહિને એક-એક લાખના ટ્રાન્ઝેક્શન કરી કુલ ૫ લાખનો વ્યવહાર કર્યો હતો. અંતે ૧ લાખ રૂપિયા જમા ન કરાવતા બેંકે ક્રેડિટ કાર્ડ બ્લોક કર્યું હતું અને યોગેશભાઈએ પોતાની એફ.ડી. તોડાવીને બેંકનું લેણું ભરપાઈ કરવું પડ્યું હતું.

ઓગસ્ટ ૨૦૨૩ થી ચીરાગ સુદાણીએ આર્થિક મદદ બંધ કરી દેતા યોગેશભાઈના પુત્રનો અભ્યાસ અધવચ્ચે જ અટકી ગયો છે. જ્યારે પ્લોટનો દસ્તાવેજ પરત માંગવામાં આવ્યો, ત્યારે ચીરાગે રૂ. ૨૧,૫૦,૦૦૦ની માંગણી કરી હતી. આ અંગેની વાતચીતના ઓડિયો રેકોર્ડિંગ પણ પોલીસને સોંપવામાં આવ્યા છે. યોગેશભાઈએ આક્ષેપ કર્યો છે કે ચીરાગ સુદાણી અને જીતેશ સુદાણીએ પૂર્વ આયોજિત કાવતરું ઘડી, તેમની મજબૂરીનો લાભ લઈ, વિશ્વાસઘાત કરીને પ્લોટ હડપ કરી લીધો છે. રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ નોંધાવવામાં આવી છે અને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

---

# જંગલેશ્વરમાં ૧૩૫૦ દબાણકર્તાઓને નોટિસ

## અમને રાજા રજવાડાના સમયમાં રહેવા માટે જગ્યા અપાઈ છે, અમને અહીં જ રહેવા દો : રહેવાસીઓની રજૂઆત : રાજકિય ઈશારે નોટિસ અપાયાનો આક્ષેપ

રાજકોટ , તા. ૨૨

રાજકોટની આજી નદી પર રિવરફ્રન્ટ બનાવવાના છેલ્લા ૧૫ વર્ષથી વાતોના વડા કરવામાં આવી રહ્યા છે. અંદાજિત રૂ.૧૧૮૧ કરોડ કરતા વધુના ખર્ચે આકાર પામનારા આજી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ ૧૧ કિલોમીટર વિસ્તારમાં વિકસાવવા જાહેરાત અવારનવાર કરવામાં આવી રહી છે. ૨૦૨૨માં પ્રોજેક્ટ માટે પર્યાવરણ વિભાગની જરૂરી મંજૂરી મળી ગયા બાદ પણ કામગીરી આગળ વધી નહોતી. હવે આજી નદી કાંઠામાં સરકારી જમીન પર થયેલા દબાણો દૂર કરવા માટે જિલ્લા વહીવટી તંત્રએ નોટિસ આપી છે. જંગલેશ્વર અને આસપાસના વિસ્તારમાં ૧૩૫૦ જેટલા દબાણકર્તાઓને નોટિસ પાઠવવામાં આવતા રહેવાસીઓમાં વિરોધનો સૂર ઉઠ્યો છે. રહેવાસીઓ કહે છે કે ''અમને રાજા રજવાડાના સમયમાં રહેવા માટે આ જગ્યા મળી છે. અમારે ક્વાર્ટર જોતા નથી. અમને અહીં જ રહેવા દો.



જો કે, તંત્રનું કહેવું છે કે, સરકારી જગ્યા પર દબાણો થઈ શકે નહીં. ભવિષ્યમાં અહીં રિવરફ્રન્ટ બનાવવાની યોજના છે. જેથી દબાણ દૂર કરવા માટે નોટિસ પાઠવવામાં આવી છે.આજી નદીના કાંઠે ભવિષ્યમાં આકાર લેનારા રિવરફ્રન્ટ પ્રોજ્કટને ધ્યાનમાં રાખીને નદી કાંઠા પર સરકારી જમીન પર થયેલા દબાણો દૂર કરવા તંત્ર દ્વારા કવાયત શરૂ કરવામાંઆવી છે. અંદાજિત ૪૦૦ કરોડ રૂપિયાની જમીન પર થયેલા ૧૩૫૦ જેટલા દબાણો દૂર કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નોટિસ આપવામાં આવી છે. જેના કારણે સ્થાનિકોમાં રોષ ફાટી નીકળ્યો છે. રાજકીય ઈશારે આ કામગીરી થતી હોવાનો આક્ષેપ કરાયો છે. મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ૧૫ વર્ષથી બજેટમાં રિવરફ્રન્ટ બનાવવાની જાહેરાત કરવામાં આવી રહી છે આ માટે સૌથી મહત્વનું એનવાયરમેન્ટ સર્ટિફિકેટ પણ ૨૦૨૨માં મળી ગયું છે

આ પ્રોજેક્ટ અંતર્ગત હાલમાં નદીની પહોળાઈ ૮૦ થી ૧૫૦ મીટરની છે જેને અંદાજીત ૭૦ મીટરની કરી આજુ બાજુના કાંઠા વાળા ભાગોમા ગાર્ડન, રસ્તા, વોક-વે, ફૂડ કોર્ટ, હોકર્સ ઝોન, જીીઙ વી.ની કામગીરી કરવામાં આવશે. નદીનો દૂધસાગર બ્રીજથી ઇન્દિરા બ્રીજ સુધીનો ભાગ ડેવલપ કરવામાં આવનાર છે. આવાં સંજોગોમાં રિવરફ્રન્ટ પ્રોજેક્ટ વિસ્તારમાં નડતરરૂપ જંગલેશ્વર વિસ્તાર દબાણ દૂર કરવા માટે નોટિસ અપાતા સ્થાનિકો રોષે ભરાયાં છે .

રહેવાસીઓના કહેવા મુજબ, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નોટિસ આપવામાં આવી છે જે ગેરકાયદેસર છે. અહીં અનેક પરિવારો ૫૦ કે ૭૦ વર્ષથી રહે છે . આમાં કેટલાક પરિવારો પાસે, ૮- ૪- ૧૯૮૯નું લખાણ છે. તે પહેલા ૧૯૫૦થી અહીં લોકો વસેલા છે. જેથી ગેરકાયદેસર દબાણની વાત ખોટી છે. જ્યારે રજવાડું હતું એ સમયે રાજકોટના ઠાકોર સાહેબ મનોરસિંહજી જાડેજાએ રહેવા માટે જમીન આપેલી હોવાનું અનેક રહેવાસીઓ દાવો કરી રહ્યા છે. અમે વર્ષોથી લાઈટ બિલ, વેરા બિલ ભરપાઈ કરતાં આવ્યાં છીએ. જો ગેરકાયદેસર બાંધકામ કે દબાણ હોય તો વીજળી કનેકશન અમને કેવી રીતે મળ્યા? વેરા શા માટે સ્વિકાર્યા? અહીં ૧૮૦૦૦ જેટલા લોકો રહે છે. તો તેઓ રહેવા ક્યાં જશે ? તેવો પ્રશ્ન સ્થાનિક લોકો એ ઉઠાવ્યો છે.

કેટલાક નાગરિકોએ એમ પણ કહ્યું હતું કે અમે ૫૦ કે તેથી વધુ વર્ષથી અહીં જંગલેશ્વર વિસ્તારમાં રહીએ છીએ. વેરો અને લાઈટ બિલ ભરીએ છીએ. આમ છતાં પણ નોટિસ આપી અમારા ઉપર ગેરકાયદેસર દબાણ કરવામાં આવી રહ્યું છે. કેટલાક પરિવારો એવાં છે કે એક ઘરમાં ૧૫ વ્યક્તિઓ રહે છે. અમારે ક્વાટર નથી જોઈતું. અમે ગરીબ અને મજૂર વર્ગ છીએ તો ક્યાં જવું. અમને અહીંથી મહેરબાની કરીને કાઢવામાં ન આવે. જંગલેશ્વર વિસ્તારમા જે નોટિસ આપવામાં આવી છે તેમાં એવું કહેવાયું છે કે ખરાબાની જગ્યામાં ટીપી સ્કીમ બહાર પડી છે. જ્યાં ગેરકાયદેસર દબાણ કરેલું છે તો તે ખાલી કરવા માટેની નોટિસ આપવામાં આવેલી છે. ૨૯ મી ડિસેમ્બર મામલતદાર કચેરીએ આધાર પુરાવાઓ રજૂ કરવાના છે. જંગલેશ્વરમાં ત્રણથી ચાર કિલોમીટરના વિસ્તારમાં પ્રથમ વખત નોટિસ આપવામાં આવી છે.

---

# ખાદ્ય ખોરાકના વિક્રેતાઓ ફૂડ લાઈસન્સ વગરના

## ક્યા આધારે વેપાર કરે, કાંઈ થાય તો જવાબદારી કોની આ પ્રકારના અનેક પ્રશ્નો થાય છે ઉભા, આરોગ્ય વિભાગનું એક જ રટણ સત્તા નથી માત્ર નોટિસ જ આપી શકાય

રાજકોટ, તા. ૨૨

મહાનગરપાલિકા નો આરોગ્ય વિભાગ છેલ્લા ઘણા સમયથી હરકતમાં આવી રહ્યો છે અને તેમાં પણ ફૂડ વિભાગની ટીમ દ્વારા રાજકોટ શહેરના વિવિધ વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરવામાં આવતું હોય છે અને વિવિધતાઓ પાસેથી નમુના લઇ તપાસ અર્થે લેબોરેટરીમાં પણ મોકલવામાં આવે છે. આ તમામ બાબતોની ગંભીરતા ને ધ્યાને લેતા એ વાત તો સ્પષ્ટ છે કે હાલ જે કામગીરી આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી જ હોય તે થતી નથી પરંતુ સૌથી મોટી વાત તો એ છે કે હાલ આ કામગીરી દરમિયાન અનેકવિધ વિક્રેતાઓને લાયસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવતી હોય છે જેથી એ વાત તો સ્પષ્ટ છે કે આજની તારીખે અનેકવિધ વિક્રેતાઓ પાસે ફૂડ લાઇસન્સ નથી અને તેઓ મન ફાવે તેમ વ્યવસાય કરી રહ્યા છે જ્યારે આરોગ્ય વિભાગના દરોડા પડે ત્યારે માત્ર નોટિસ આપીને અધિકારીઓ ચાલ્યા જતા હોય છે કારણ કે જે વિગતો મળી રહી છે તે મુજબ તેમની પાસે પણ કોઈ એવી સત્તા નથી જેના પર કડક અને કાયદાકીય પગલા લઈ શકે. આ વિકટ પરિસ્થિતિ ના અનુસંધાને જો ચર્ચા કરવામાં આવે તો આ પ્રકારના વિક્રતાઓ ઉપર જ્યાં સુધી શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે નહીં ત્યાં સુધી આ પરિસ્થિતિમાં કોઈ સુધારો નહીં આવે. ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ દ્વારા એવી કોઈ જોગવાઈ કરવામાં આવી નથી કે જેની પાસે લાઇસન્સ ના હોય તો તેમના પર શિક્ષાત્મક પગલાં લેવામાં આવે હાલ આજ સ્થિતિનો લાભ વિક્રેતાઓ ઉઠાવી રહ્યા છે અને તેઓ મુક્ત મને ખાદ્ય ચીજ વસ્તુઓનું વેચાણ કરે છે અને સામે લોકોનું સ્વાસ્થ્ય પણ જોખમાઈ છે.



મળતી માહિતી મુજબ છેલ્લા એક વર્ષમાં અનેકવિધ વિક્રેતાઓને ફૂડ લાઇસન્સ આપી દેવામાં આવ્યા છે પરંતુ હજુ પણ ઘણા ખરા એવા વિગ્રતાઓ છે કે જેમની પાસે ફૂડ લાઇસન્સ જ નથી જે સૂચવે છે કે આરોગ્ય વિભાગની કામગીરી ખૂબ ઢીલી છે અથવા તો વિભાગ નો જે ડર અને હાવ હોવો જોઈએ તે નથી. લાયસન્સ મેળવવા બાબતે અનેકવિધ રીતે વિક્રેતાઓને જાણ કરવામાં આવતી હોય છે પરંતુ માત્ર દંડની જોગવાઈ અથવા તો નોટિસ પાઠવી અધિકારીઓ ચાલ્યા જાય છે અને મન ફાવે તેમ વર્તન વિક્રેતાઓ પણ કરે છે જેથી એ વાત સ્પષ્ટ છે કે હાલ આરોગ્ય વિભાગ પાસે એવી કોઈ સત્તા નથી જેનાથી જે સ્વાસ્થ્ય સંબંધી પ્રશ્નો ઊભા થયા છે તેનું નિવારણ થઈ શકે. ખરા અર્થમાં મહાનગરપાલિકાના સત્તાધિશોએ આ અંગે ગંભીરતાપૂર્વક વિચાર કરવો જોઈએ.

અન્ય શહેરોમાં અને અન્ય રાજ્યોની વાત કરવામાં આવે તો ફૂડ લાઇસન્સ લેવું ખૂબ જરૂરી છે જેથી નીતિ નિયમો અને ધારા ધોરણ પ્રમાણે ખાદ્ય ખોરાકનું વેચાણ થઈ શકે પરંતુ રંગીલા રાજકોટમાં માત્ર મહાનગરપાલિકા નું ફૂડ વિભાગ નામની જ કામગીરી કરી રહ્યું છે. કારણ કે જ્યાં સુધી લાઇસન્સ આપવામાં ન આવે ત્યાં સુધી તેમના દ્વારા કરવામાં આવતો વેપાર યોગ્ય ના કહી શકાય અને તે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરનારો પણ સાબિત થાય છે. માત્ર નમુના લેબોરેટરીમાં મોકલવાથી જ કામગીરી પૂર્ણ થઈ જતી નથી તેની સામે અનેકવિધ પગલાંઓ પણ લેવામાં આવે તે ખૂબ જરૂરી છે હાલ જે પ્રશ્નો ઊભો થઈ રહ્યો છે તે એ જ છે કે છેલ્લા ઘણા સમયથી રજ્ઞજ્ઞમ વિભાગ દ્વારા લાયસન્સ લેવડાવવા બાબતે જે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે તેની સામે તંત્રને કોઈપણ પ્રકારનો સાથ અને સહકાર મળતો નથી ત્યારે માત્ર જ્યારે દરોડા પાડવામાં આવે તે સમયે વિગ્રતાઓ પાસે ફૂડ લાઇસન્સ છે કે કેમ તેની તપાસ થાય છે અને જો ફૂડ લાઇસન્સ ના હોય તો તેઓને લેવા બાબતે માત્ર નોટિસ જ પાઠવવામાં આવે છે. છેલ્લા એક વર્ષમાં ઘણા ખરા વિક્રેતાઓને લાઇસન્સ આપવામાં આવ્યા છે પરંતુ હજુ પણ ઘણા વિક્રેતાઓ એવા છે કે જેની પાસે ફૂડ લાઇસન્સ નથી ત્યારે આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ ફૂડ વિભાગ દ્વારા એક વ્યાપક ઝુંબેશ હાથ ધરવામાં આવે તે ખૂબ જરૂર છે જેથી જે તે વિક્રેતાઓની જવાબદારી પણ ખાદ્ય ખોરાકનું વેચાણ કરવા માટે ફિક્સ થાય.